હિંદનો મુસલમાની ઇતિહાસ.

હિંદનો.

મુસલમાની ઇતિહાસ.

ચોથા ધોરણના વિદ્યાર્થીને માટે.

ઘણા ઇતિહાસોના આધારે
બનાવનાર
ત. ધા. ખંધાર
સીથા-કાઠિયાવાડ.

અમદાવાદ
દાણાપીઠમાં "ગુજરાત ગેઝેટ" છાપખાનામાં
ઠક્કર ચેતરામ હરીલાલે છાપ્યો.
સન ૧૮૯૩.

કીંમત રૂ૦-૨-૬ પોસ્ટેજ માફ

પ્રસ્તાવ

हिंदनो मुसलमानी इतिहास.

પ્રકરણ ૧ લું.

હિંદુસ્તાન દેશ એશિયાખંડની દક્ષિણેછે, તેની પશ્ચિમ, દક્ષિણ અને પૂર્વે એ ત્રણ દિશાએ હિંદી મહાસાગર અને તેના ભાગો, તથા ઉત્તરમાં હિમાલય પર્વત આવેલો છે,

આ દેશ હિમાલયથી કન્યાકુમારી સુધી લાંબો ૧૫૦૦ મૈલ તથા આશામથી સિંધ સુધી પહોળો ૧૮૦૦ મૈલછે, વસ્તીમાં આખી દુનિઆમાં (પેહેલે નંબરે ચીન) બીજે નંબરેછે, તેમાં લગભગ ૩૦ કરોડ માણસની વસ્તીછે.

અયોધ્યાનું રાજ્ય.

હિંદમાં જાણવાજોગ પ્રથમ રાજ્ય અયોધ્યાનું થયું: તેમાં રાજા રામચંદ્રજી (રામ) પ્રખ્યાત રાજા થયા. રામ એ સૂર્યવંશી દશરથના પુત્ર હતા; મીથીલાપુરના રાજા જનકની દીકરી સીતા સાથે તેમનું લગ્ન થયું હતું, તેમણે દક્ષિણમાં લંકાના રાજા રાવણ ઉપર સ્વારી કરી સીતાના હરણ કર્યાનું વેર વાળી તેને જીત્યો, રાવણ રણમાં પડ્યાથી લંકાનું રાજ તેના ભાઈ વિભિષણને આપ્યું, તેમના ઇતિહાસના પુસ્તકનું નામ રામાયણછે.

હસ્તીનાપુર.

અયોધ્યાના રાજપછી જાણવાજોગ રાજ હસ્તીનાપુરમાં પાંડવ કૌરવનું થયું, તે શહેર હાલના દિલ્લી શહેરની આસપાસ હતું, એ ચંદ્રવંશી રાજા કહેવાયા. પાંડવ પાંચ

ભાઇ હતા. અને કૌરવ સો ભાઈ હતા; પાંડવ તથા કૌરવ રાજ લેવા માટે પાણીપતના મેદાનમાં લડ્યા, તેમાં કૌરવનો નાશ થયો, એટલે પાંડવે પસ્તાઇને હિમાલયના શીતલ પ્રદેશમાં જઈ પોતાના દેહ પાડ્યા. તેમના ઇતિહાસના પુસ્તકનું નામ મહાભારત છે.

દ્વારકાં.

પાંડવ કૌરવના વખતમાં યાદવવંશી કૃષ્ણે મથુરાંથી દ્વારકાં આવીને ત્યાં ગાદી કરી, ગુજરાતનો ઘણો ભાગ પોતાને તાબે કર્યો; પાછળથી એ રાજ પણ અંદર અંદરના ટંટાથી નાશ પામ્યું.

વલ્લભીપુર.

એ રાજનું ખંડેર કાઠિયાવાડમાં વળા ગામની પાસેછે. ત્યાં શિલાદિત્ય રાજા રાજ કરતો હતો, કોઇ મુસલમાન રાજાએ વેપારીની શીખવણીથી તેનાપર સ્વારી કરી. રાજા લડાઇમાં હણાયો, અને વલ્લભીપુર ઉજડ થઈ ગયુ.

મગધ.

એ રાજ હાલના બહાર પ્રાંતમાં હતું, તેની રાજધાની પટણા (પાટલી પુત્ર) માં હતી, ત્યાં ચંદ્રગુપ્ત રાજા થયો તે બૌદ્ધ ધર્મમાં હતો, ત્યાર પછી તેનો દીકરો બિંદુસાર થયો, તે પણ બહાદૂર હતો. તેના પછી અશોક થયો, તેણે હિંદનો ઘણો ભાગ પોતાને તાબે કર્યો, અને બુદ્ધ ધર્મ ઘણો ફેલાવ્યો, તે રૈયતની દાઝ જાણનારો હતો, અને રાજ્યનો બંદોબસ્ત સારી રીતે રાખતો. તેની કારકીર્દીમાં બે નબલી વાતો બની (૧) ગાદીએ બેસતાં પોતાના કુટુંબનો નાશ કર્યો કે પોતાને કોઈ તરફથી ભય ન રહે. (૨)

તેલંગણ દેશ જીતતાં ઘણાં માણસોની હત્યા કરી, તેના પછી વચલા વખતનો ઇતિહાસ બરાબર માલુમ પડતો નથી.

માળવા.

આ દેશમાં ઉજ્જન નગરમાં વિક્રમ કરીને પ્રખ્યાત રાજા ઈ. સ. પૂ. ૫૬ વર્ષે થયો, એને વીરવિક્રમ પણ કહેછે, કારણ-કે તે પરદુઃખભંજન અને બહાદુર હતો. તેના વખતમાં રૈયત સુખી હતી, તથા ધંધો રોજગાર બહોળો હતો. હજુ ઉત્તર હિંદુસ્તાનમાં વિક્રમનો સંવત ચાલેછે.

વિક્રમ પછી ઘણે વરસે પ્રખ્યાત રાજા ભોજ થયો, તેના તાબામાં માળવા પ્રાંત હતો. તેની રાજધાની ધારા નગરીમાં હતી. ભોજ રાજાએ વિદ્વાનોને ઘણું માન અને બક્ષીસો આપી સંસ્કૃત વિદ્યાનો વધારો કર્યો.

એના વખતમાં ગુજરાતમાં ભીમદેવ પેહેલો રાજ કરતો હતો, તેની સાથે લડાઈ થઈ તેમાં ભોજ હાર્યો હતો, ભોજ પછી તેના પૌત્ર યશોવરમાને સિદ્ધરાજે પકડી કેદ કર્યો હતો, પછી ઈ. સ. ૧૨૩૧ ની સાલમાં તેના વંશજો પાસેથી માળવાપ્રાંત મુસલમાનોએ લઈ લીધો.

ઉત્તર હિંદુસ્તાનમાં આ પ્રમાણે રાજ્ય ચાલતાં હતાં તે વખતે દક્ષિણમાં જૂના રાજ્ય મદુરા તથા કાંજેવરમમાં હતાં.

પૈઠણ.

એ રાજ દક્ષિણમાં હતું તેનો રાજા શાળીવાહન ઈ. સ. ૭૮ માં થયો, તેની રાજધાની ગોદાવરી નદીને કાંઠે પૈઠણમાં હતી. એ ઘણો બહાદુર રાજા હતો, હજુ પણ તેનો શક દક્ષિણમાં ચાલેછે.

પ્રકરણ ૨ જું.

હિંદમાં પરદેશી રાજાના હુમલા.

હિંદુસ્તાનની લક્ષ્મી તથા શોભાની વાત સાંભળી પરદેશી લોકો દેશ લુંટવા સારૂ પ્રથમ લલચાયા. તેમના સમજવામાં હતું કે હિંદુસ્તાન દેશ ઘણો સમૃદ્ધિવાળો તેમજ બહુ વિશાળછે, વળી તેમાં નાનાં નાનાં રાજ્ય ઘણાંછે, અને તેમનામાં પૂરો સંપનથી, જેથી આપણને તરત લાભ મળવા સંભવછે. એવી સમજણથી પ્રથમ ગ્રીસ દેશના બાદશાહ સિકંદરે હુમલો કર્યો.

સિકંદર.

એ મહાન બાદશાહે ઈ. સ. પૂ. ૩૨૭માં હિંદુસ્તાનપર હુમલો કર્યો, તે ઈરાનમાં થઇને અફઘાનીસ્તાનમાં આવ્યો, અને ત્યાંથી હિંદુસ્તાનમાં પેઠો. એ વખતમાં પંજાબમાં પોરસ કરીને રાજા રાજ કરતો હતો, તે સિકંદરની સામે જબરૂં લસ્કર લઇને થયો; પરંતુ સિકંદર ગભરાયો નહીં, અને ભારે લડાઈ કરી તેમાં પોરસ હાર્યો અને તાબે થયો. સિકંદરે તેને ગાદીપર કાયમ રાખ્યો.

પંજાબમાંથી સિકંદર સિંધમાં ગયો, ત્યાંથી જળમાર્ગે પોતાને મુલક ગયો, અને સિંધુ નદીના પશ્ચિમ ભાગપર એક સુબાને મૂકતો ગયો, તે પાછળથી નબળો પડવાથી રજપૂત રાજાઓએ તેને નસાડી મૂકયો, અને રાજ પાછું તાબે કર્યું.

મહમુદ કાસીમ.

એણે ઈરાન દેશથી આવી ઈ. સ. ૭૧૨માં સિંધપર સ્વારી કરી. તે વખત સિંધનો રાજા દાહીર હતો. તેની

રાજધાની દેવળ ગામ અથવા કરાંચી બંદરમાં હતી. કાસીમે દાહીરને જીતીને મારી નાંખ્યો, અને ઘણા રજપૂતોને કૂરપણે માર્યા, તથા કેટલાક પુરૂષ અને સ્ત્રીઓને પકડીને ઈરાનદેશ મોકલી દીધાં, તેમાં દાહીર રાજાની બે કુંવરીઓ હતી, આ કુંવરીઓને ઈરાનનો સુબો પરણ્યો. કુંવરીઓએ પોતાના બાપનું વેર લેવા સારૂ મહમૂદકાસીમનો ઉપરી જે પોતાનો પતી હતો, તેની પાસે નિંદા કરી, તેથી ઈરાનના સુબાએ ગુસ્સે થઈને કાશીમનું માથું ચામડામાં મઢીને મોકલવાનો હુકમ સિંધમાં પોતાના લશ્કરપર મોકલ્યો. તે પ્રમાણે બીજા સરદારે હુકમ બજાવ્યો. કાશીમ મરી ગયા પછી રજપૂત લોકોએ મુસલમાનોને કાઢી મૂક્યા, પછી ઘણા હુમલા અફઘાનિસ્તાન તરફથી થવા લાગ્યા, અને તે ઉપરાઉપરી એવા થયા કે અંતે હિંદમાં મુસલમાની રાજ સ્થપાયુ.

ઘિજની વંશ. ઈ. સ. ૯૬૨થી ૧૧૮૬ સુધી ૨૨૪ વર્ષ.

૧ અલપ્તગિન......................૯૬૨—૯૭૭-૧૫
૨ સબક્તાગિન...................... ૯૭૭—૯૯૭-૨૦
૩ મહમૂદ......................૯૯૭-૧૦૩૦-૩૩
૪ મસાઉદ. ૧૦૩૦-૧૦૪૦-૧૦
૫ મોદૂદ. ૧૦૪૦-૧૦૪૯-૯
૬ અબદુલહુસેન......................૧૦૪૯-૧૦૫૧-૨
૭ અબદુલરસીદ......................૧૦૫૧-૧૦૫૧-૦
૮ ફરૂકઝાદ...................... ૧૦૫૧-૧૦૫૮-૭
૯ ઇબ્રાહિમ......................૧૦૫૮-૧૦૮૯-૩૧
૧૦ મસાઉદ. (૨)...................... ૧૦૮૯-૧૧૧૪-૨૫

૧૧ અરસલાન.................... ૧૧૧૪–૧૧૧૮–૪
૧૨ બેહેરામ..................... ૧૧૧૮–૧૧૫૨–૩૪
૧૩ ખુશરૂ........................ ૧૧૫૨– ૧૧૫૯–૭
૧૪ ખુશરૂમલેક....................૧૧૫૯–૧૧૮૬–૨૭

પ્રથમ ઘિજનીમાં રાજ સ્થાપ્યું, માટે તે વંશનું નામ ઘિ-જનીવંશ પડ્યું.

અલપ્તગિન.

ઈ. સ. ૯૬૨ થી ૯૭૭–૧૫

એ બુખારાના કોઈ સુલતાનનો ગુલામ હતો, તેણે અ-ફઘાનિસ્તાનનાં ઘિજની શેહેરમાં રાજ સ્થાપ્યું. એ અલ-પ્તગિનને સબક્તગિન કરીને જમાઈ હતો, તે તેની પાછળ ગાદીએ બેઠો.

સબક્તગિન.

ઈ. સ. ૯૭૭–૯૯૭–૨૦

એ ગાદીએ બેઠો ને તરત હિંદુસ્તાનપર સ્વારી કરી, તેની ફોજ લુટફાટ કરતી પેશાવર સુધી આવી, ત્યારે લાહોરનો રાજા જયપાળ તેની સામે થયો, તેમાં જયપાળ લડાઈમાં હાર્યો, ને ખંડણી આપવી કબુલ કરી, પરંતુ પાછળથી તેણે મોકલી નહીં; તેથી સબક્તગિન બીજી વાર ચઢી આવ્યો, તે વખતે તમામ રજપૂતોએ સંપ કર્યો.

જયપાળની મદદે દિલ્હી અજમેર કનોજ કલિંજર એ રાજાઓ પોતપોતાની જબરી ફોજ લઈ આવ્યા. પંજા-બના સીમાડાપર લડાઈ થઈ, સબક્તગિને ઊંચી ટેકરીપર ચડી શત્રુની ફોજ નીરખી, તો હિંદુની જબરી ફોજ તેની દ્રષ્ટિએ પડી, તોપણ તે ગભરાયો નહીં, અને પોતાના સિ-

પાઇઓને હિંમત આપી બહાદુરીથી લડયો, અને જયપા-ળની ફોજને ધુળધાણી કરી નાંખી, હિંદુઓ નાઠા અને સ-બક્તગિને છાવણી તથા દેશ લુટયો. છેવટે પંજાબમાં સુબો મૂકી સબક્તગિન પાછો ધિજની ગયો, ત્યાં ઈ. સ. ૯૯૭ માં મરણ પામ્યો.

મહંમૂદ.

ઈ. સ. ૯૯૭–૧૦૩૦–૩૩

એ ઈ. સ. ૯૯૭માં ગાદીએ બેઠો, પોતાના બાપની મા-ફક તેને પણ હિંદુસ્તાનપર સ્વારી કરી દેશ લુંટવાનો લોભ લાગ્યો, તેણે હિંદુસ્તાનપર ૧૨ સ્વારીઓ કરી.

૧ લાહોર--૧૦૦૧ ત્યાંનો રાજા જયપાળ હતો, તેની સાથે પેશાવર આગળ લડાઈ થઈ, તેમાં જયપાળ હાર્યો. ને પકડાયો, મહમૂદે તેનું ઘણું અપમાન કર્યું. અને ખંડણી આ-પવી કબુલ કરી, ત્યારે છોડયો જયપાળને તેથી ઘણું દુખ લાગ્યું એટલે પોતાના દીકરા અનંગપાળને રાજ સોંપી પો-તે ચિતા ખડકી બળી મુઓ.

૨ ભાટીઆના રાજાપર—૧૦૦૪ માં વિજયરાય ઉપર કરી તેને હરાવ્યો.

૩ મુલતાન—૧૦૦૫ માં કરી.

૪ લાહોર (૨) ૧૦૦૮માં અનંગપાળઉપર આ લડાઈ-માં અનંગપાળની મદદે દિલ્લી વગેરેના હિંદુ રાજા આવ્યા હતા બૈરાંએ પણ પોતાનાં ઘરેણાંગાંઠા વેચી અનંગપાળને મદદ કરી હતી આ જબરા લશ્કરની લડાઈ સિંધુ નદીના કાંઠે થઈ, લડાઇ ચાલતી હતી ત્યારે અનંગપાળ જે હાથી ઉપર બેઠો હતો, તે હાથીને તીર વાગ્યું, તેથી હાથી નાઠો અને અનંગપા-

ગા ગભરાઇને હાથી પરથી ઉતરી ગયો, તેને લસ્કરે નહીં દેખવાથી લસ્કર પણ ગભરાઇને નાઠું અને અનંગપાળની હાર થઈ.

૫ મુલતાન—૧૦૧૦ ત્યાંના રાજાને પકડી ગિઝનીલઈ ગયો

૬ સ્થાનેશ્વર—૧૦૧૧ આ પવિત્ર દેરૂં લુટી ઘણું ધન તથા ઘણાં માણસોને કેદ પકડી પોતાને દેશ લઇ ગયો.

૭-૮ કાશ્મીર--તેમાં મહંમુદની હાર થઈ.

૯ મીરત—૧૦૧૮ માં ત્યાંનો રાજા તરત તાબે થયો, ત્યાંથી મથુરાં જઈ ત્યાંનાં મંદીરો લુટયાં બાળ્યાં તથા ઘણી મૂર્તિઓ વટાળી મથુરાં નગરી ૨૦ દિવસ સુધી લુટી ત્યાંથી ઘણું ધન હરણ કર્યું.

૧૦ કનોજ—ત્યાંનો રાજા કુટુંબ સુદ્ધાં તાબે થયો, ગઝમૂદે તેની જોડે દોસ્તી બાંધી, તે લાંબી મુદત સુધી ટકી

૧૧ લાહોર—(૩) ૧૦૨૩ ત્યાંનું રાજ ખાલસા કર્યું

૧૨ સોરઠીસોમનાથ—૧૦૨૪ આ છેલ્લી સ્વારી ઘણી જાણવા જોગછે. મહમૂદે ૨૦ હજાર ઊંટનો મોટો જમાવ કરી ક્રુર ને ખુની મુસલમાનોને સાથે લઈ સિંધને રસ્તે સોરઠમાં આવ્યો, પ્રભાસપાટણ પાસે હાલ સોમનાથનું દેરૂંછે, તેની તે વખતમાં ઘણી શોભા તથા કિર્તિ હતી, મોટા રાજાના ભંડારમાં નહોય તેટલી દોલત તેમાં હતી વળી રાજાના ભંડાર કરતાં દેવળમાં વધારે દોલત હોયછે, એમ નગરકોટ, સ્થાનેશ્વર, મથુરાં વગેરે દેવાલયો લૂંટવાથી મહમૂદને ખાત્રી થઈ હતી, આ વખતે અણહીલવાડની ગાદીએ રાજા ભીમદેવ સોલંકી હતો તે દેવળનું રક્ષણ કરવા નહીં આવતાં મહમૂદની બીકથી નાશી ગયો, મહમૂદે દેવળ ઉપર

ચઢાઈ કરી પરંતુ માંહેના પુજારી તથા દેવળના માણસોએ કોટના દરવાજા બંધ કરી ટક્કર લઈ મહમૂદને હરાવ્યો. લડાઈના મેદાનમાં મહમૂદે ઈશ્વરની પ્રાર્થના કરી અને તરતજ લડવાને તૈયાર થયો. મુસલમાનોને સૂર ચડ્યું અને સોમનાથના દેવળનો કોટ તોડ્યો તેથી હિંદુઓમાં ભંગાણ પડ્યું. એટલે મહમૂદે માંહે પેસી કોટ તાબે કર્યો, પાછળથી બ્રામદેવે આવી લડાઈ કરી, તેમાં તેનું કાંઈ વળ્યું નહીં, કોટની અંદર દેવાલય હતું તેમાં ૫૬ થાંભલા રત્ન સહીત જડીત એવો રંગમંડપ હતો તથા સોનાની સાંકળોએ બાંધેલા ઘટ વગેરે મહમૂદના જોવામાં આવ્યા નજીકમાં સોમનાથ મહાદેવની મૂર્તિ ૮ ગજ ઉંચી તેની દ્રષ્ટિએ પડી, મહમૂદે તેને ભાંગવા માટે હુકમ કર્યો, ત્યારે પાસે ઉભેલા પુજારાએ નહીં ભાંગવા માટે ઘણું દ્રવ્ય આપવા કહ્યું એટલે મહમૂદે કહ્યું કે મૂર્તિ વેચવા કરતાં ભાંગવાની વધારે કિર્તિ છે, એમ કહી પોતે મૂર્તિપર ઘા કર્યો એટલે બીજા મુસલમાનોએ એકદમ તોડી પાડી; ત્રણ કટકા કર્યા, તેમાંનો એક કડકો મક્કે, એક મદીને તથા એક ઘિઝનીની એ ત્રણે શહેરની મસીદોના પગથીએ ચોડાવ્યા કે મુસલમાનો પગ દેતા ચડે ઉતરે, મૂર્તિની નીચેથી ઘણું દ્રવ્ય નીકળ્યું, તે તમામ લઈ દરવાજાનાં સુખડના કમાડ વગેરે ઘિઝની મોકલાવી દીધાં.

પરંતુ સુખડના કમાડતો પ્રતાપી ઈંગ્રેજોએ ઈ. સ. ૧૮૮૦ માં કાબુલ દેશ જીત્યો, ત્યારે પાછાં લાવ્યા અને હિંદને કાળોડાઘ લાગેલો ધોઈ હિંદ પ્રજાને સંતોષ આપ્યો.

મહમૂદે સોમનાથનું દેરૂં લૂટ્યું તે પછી ચોમાસુ બેસ-

વાથી પોતે પાટણ આવી રહ્યો, આંહીનો રાજા ભીમદેવ સોમનાથની લડાઈમાંથી હારી કચ્છનાં કંથકોટમાં ભરાયો હતો, ચોમાસાની ઋતુમાં ગુજરાત જેવા રળીઆમણા મુંલકમાં મહમૂદને બહુ ગમ્યું, પછી ચોમાસુ વિત્યાબાદ તરતજ સ્વદેશ જવા નીકળ્યો રસ્તામાં કંથકોટ ઘેર્યો ત્યાંથી ભીમદેવ નાશી ગયો. મહમૂદ સિંધને રસ્તે થઈ પંજાબમાં જતાં રસ્તામાં ભૂલો પડ્યો, ને રણમાં તેના ઘણાં માણસો પાણી વગર મરણ પામ્યાં.

પછી પંજાબમાં થઈ ખૈબરઘાટને રસ્તે ઘિજની પહોંચ્યો, ત્યારપછી તેણે હિંદુસ્તાનપર સ્વારી કરી નથી, પરંતુ ઘિજનીમાં રહી તેણે સુંદર ઇમારતો બંધાવી, તેના રાજમાં ફ્રદુંસી કવિ તથા બીજા વિદ્વાનો આવી વસ્યા હતા. મહમૂદ ક્રુર તથા લોભી હતો તે એટલા બધા ગુલામો હિંદમાંથી લઈ ગયો હતો કે ઘણી ઓછી કીંમતે પણ કોઇ રાખતું નહોતુ.

મહમૂદે જે સ્વારીઓ કરી તેમાં તેણે મુલક મેળવ્યો નહોતો પરંતુ પૈસો ઘણો મેળવ્યો હતો, તે લોભી હતો ખરો, તોપણ વિદ્યાને આશરો આપવાથી તેની કિર્તિ વધીછે, તેના વખતમાં ફ્રદુંશી કવિએ શાહ નામું એટલે પાદશાહના ચરિત્રનું પુસ્તક બનાવ્યુંછે, તે ઈ. સ. ૧૦૩૦ માં મરણ પામ્યો.

મહમૂદ પછી ઘિજનીની ગાદીએ આઠ રાજા થયા પરંતુ તેમનો હિંદ સાથે કાંઈ સંબંધ નથી છેલ્લો રાજા બેહેરામ થયો.

બેહેરામ

ઇ. સ. ૧૧૧૮–૧૧૫૨–૩૪ એ ગાદીએ બેઠો, તે વખતમાં ગોરપ્રાંતમાં સૈફુદીન રાજ કરતો હતો, તેને દગાથી મ-

રાખ્યો, એટલે સૈફુદ્દીનના ભાઇ અલ્લાઉદ્દીન ગોરીએ બેહેરામને હરાવી મારી નાંખ્યો, તથા સારી શોભાવાળા ઘિઝની શેહેરને આગ લગાડી ત્રણ દિવસ બાળ્યું ને લૂંટયું અને મોટી મોટી મસીદો તેમજ કબરો તોડી પાડી શેહેર લઇ લીધું. બેહેરામનો દીકરો ખુશરૂ નાઠો એણે લાહોરમાં આવી રાજ કર્યું. તેના દીકરા ખુશરૂ મલેક પાસેથી મહમૂદ ગોરીએ રાજ લઇ લીધું. એમ ઘિજની વંશનો છેડો આવ્યો. ઇ. સ. ૧૧૮૬

ગોરીવંશ ઈ. સ. ૧૧૫૨-૧૨૧૨-૬૦

અફઘાનિસ્તાનમાં ગોર કરીને પ્રાંતછે ત્યાંના રહેવાસી માટે ગોરીવંશ પડ્યું.

૧	અલ્લાઉદ્દીન	૧૧૫૨-૧૧૫૬-૪
૨	સૈફુદ્દીન	૧૧૫૬-૧૧૫૭-૧
૩	ગ્યાસુદ્દીન	૧૧૫૭-૧૨૦૨-૪૫
૪	શાહબુદ્દીન	૧૨૦૨-૧૨૦૬ ૪
૫	મહમદ	૧૨૦૬-૧૨૧૨-૬

અલ્લાઉદ્દીન.

ઈ. સ. ૧૧૫૨-૧૧૫૬-૪ એ ઇ. ૧૧૫૨ માં ગાદીએ બેઠો તેણે ઘિઝની શેહેર બાળી નાંખ્યું તે ઇ. સ. ૧૧૫૬ માં મરણ પામ્યો.

સૈફુદ્દીન

ઈ. સ. ૧૧૫૬-૧૧૫૭-૧ એ ઈ. સ. ૧૧૫૬ માં ગાદીએ બેઠો તે દમવગરનો હતો તેથી ગ્યાસુદ્દીને રાજ લઇલીધું.

ગ્યાસુદ્દીન.

ઈ. સ. ૧૧૫૭-૧૨૦૨-૪૫ એ ઈ. સ. ૧૧૫૭ માં ગા-

દાઆ બેઠો. એના બીજા ભાઇનું નામ શાહબુદ્દીન હતું, ગ્યા સુદ્દીન રાજ્ય ચલાવતો ને શાહબુદ્દીન મુલકનો બંદોબસ્ત રાખતો. શાહબુદ્દીને હિંદપર ૯ સ્વારીઓ કરી.

૧ પંજાબ, ઈ. સ. ૧૧૭૬ (૨) ગુજરાત, ૧૧૭૮ મા તે વખતે ગુજરાતની ગાદીએ ભોળો ભીમદેવ હતો તેણે શાહબુદ્દીનને હરાવ્યો. (૩) પંજાબ, ઈ ૧૧૮૬ ત્યાં ધિઝની વંશનો ખુશરૂ મલેક લાહોરમાં રાજ્ય કરતો હતો તેને હરાવી મારી નાંખ્યો ને તે વંશની આખર આણી. (૪–૫) સિંધુ નદીના કાંઠાનો મુલક જીતવા માટે કરી. (૬) ઈ. સ. ૧૧૯૦ માં દિલ્લીના રાજા પૃથુરાજ ઉપર કરી તેમા થાનેશ્વર આગળ શાહબુદ્દીનને પૃથુરાજે હરાવ્યો, એ વખતમાં હિંદુસ્તાનમાં ચાર મોટાં રાજ્ય હતાં તેઓને અંદર અંદર સંપ હતો ત્યાં સુધી મુસલમાનોનું કાંઇ ફાવ્યું નહીં પરંતુ નીચેના કારણોથી કુસંપ થયો.

દિલ્લિના રાજા અનંગપાળને કુંવર નહોતો, પરંતુ કનોજના રાજા જયચંદ્ર તથા અજમેરના રાજા સોમેશ્વરનો કુંવર પૃથુરાજ એ બે ભાણેજ હતા તેમાં પૃથુરાજને વારસ કરી અનંગપાળે દિલ્લીનું રાજ્ય સોંપ્યું, તેથી બીજા ભાણેજ જયચંદ્રને અદેખાઇ આવી.

અજમેર—આબુના રાજાની કુંવરી પરણવા માટે ગુજરાત તથા અજમેરના રાજા વચ્ચે લડાઇ થઇ તેમાં ગુજરાતના રાજા ભોળાભીમે સોમેશ્વરને માર્યો.

ગુજરાત—સોમેશ્વરને ભીમે માર્યો તેનું વેર લેવા સોમેશ્વરનો દીકરો પૃથુરાજ દિલ્લીથી જબરૂં લશ્કર લઇ આવ્યો અને ભારે લડાઇ કરી ભીમને હરાવ્યો.

કનોજ—આંહીના રાજા જયચંદ ઉપર દિલ્લી તથા અજમેરના રાજાનું ઉપરીપણું ધરાવતા તે કબુલ કર્યું નહીં અને પોતે ચક્રવર્તિ થવાનું ઇચ્છ્યું, તથા પોતાની કુંવરી સંયોગતાનો સયંવર કર્યો તેમાં પૃથુરાજને કંકોત્રી લખી નહીં તેથી પૃથુરાજે કુંવરીનું હરણ કર્યું અને જયચંદ્ર સાથે ભારે લડાઇ કરી તેને હરાવ્યો. આવી રીતે આ મોટાં રાજ્યોને અંદર અંદર કુસંપ થયાથી નબળા પડ્યા તેનો લાભ લઇ શાહબુદ્દીને હિંદપર સાતમી સ્વારી કરી.

(૭) ઇ.સ.૧૧૯૩ શાહબુદ્દીન જબરૂ લસ્કર લઇ પૃથુરાજને હરાવવા આવ્યો પૃથુરાજ તેની સામે લડવા ગયો પાણીપતના મેદાનમાં ભારે લડાઇ થઇ તેમાં પૃથુરાજ પકડાયો અને દેહ્લી મુસલમાનોએ લઇ લીધું, અને ત્યાં પોતાના મુસલમાન સુબા કુતબુદ્દીનને મૂક્યો.

(૮) ઇ. સ.૧૧૯૪ માં અજમેર તથા કનોજપર કરીને શેહેર લીધાં કનોજના રાજા જયચંદ્રને માર્યો. (૯) ગ્વાલીયરપર ઈ. સ.૧૧૯૫ માં કરી ખરાબી કરી પાછળથી કુતબુદ્દીને ગ્વાલીયર તથા ગુજરાત જીતી લીધાં પરંતુ ગુજરાત તો પાછુ ભોળાભીમે લઈ લીધું. વળી અયોધ્યા તથા બહાર પ્રાંત પણ મુસલમાનોએ લઈ લીધાં અને મુસલમાની રાજ જોરપર આવ્યું. હિંદુરાજ તૂટવાથી જેઓ નાઠા, તેમણે માળવા તથા મારવાડમાં નવાં રાજ સ્થાપ્યાં જે હાલ રજપૂતસ્થાન કહેવાય છે એ વખતમાં ગ્યાસુદ્દીન મરણ પામ્યો તેથી તેનો ભાઈ શાહબુદ્દીન ઘિજનીની ગાદીપર બેઠો ઇ. સ. ૧૨૦૨

શાહબુદ્દીન.

ઈ. સ. ૧૨૦૨-૧૨૦૬-૪ એ ઈ. સ. ૧૨૦૨ માં ગા-

દીપર બેઠો, એવામાં સિંધુ નદીના કાંઠાના ગક્કર લોકોએ બળવો કરી પંજાબ લીધું, તેમજ તેના સૂબાઓ પણ સ્વતંત્રપણે કામ કરવા લાગ્યા. શાહબુદ્દીન લશ્કર લઇને આ વ્યો ને ગક્કર લોકોને હરાવ્યા, એવામાં સિંધુ નદીના કાં શાહબુદ્દીન તંબુમાં સુતો હતો ત્યાં રાતને વખતે આવી એ ચિંતો ગક્કર લોકોએ તેને ઊંઘતો મારી નાંખ્યો, ઈ. સ. ૧૨૦

મહમદ.

શાહબુદ્દીન પછી મહમદ ગાદીએ બેઠો ઈ. સ. ૧૨૦ પરંતુ તેનામાં કાંઈ દમ નહોતો, તેથી તેના સુબા રાજ દ બાવી પડ્યા. તે વખતમાં હિંદુસ્તાનનો સુબો કુતબુદ્દીન હતે તેની રાજધાની દિલ્હીમાં હતી, એટલે હવે પછી આખ હિંદુસ્તાનની ગાદી દિલ્હી થઈ અને ધિજનીની ગાદી સાથે કાંઈ પણ સંબંધ રહ્યો નહીં.

પ્રકરણ ૩ જું.

હિંદમાં મુસલમાની રાજની સ્થાપના.

ગુલામવંશ.

ઈ. સ. ૧૨૦૬–૧૨૯૦–૮૪ કુતબુદ્દીન એ શાહબુદ્દીનનો ગુલામ હતો, માટે તે વંશના બાદશાહો ગુલામ બાદશાહ કહેવાય.

૧	કુતબુદ્દીન	૧૨૦૬–૧૨૧૦–૪
૨	આરામ	૧૧૧૦–૧૨૧૦–૦
૩	અલ્તમસ	૧૨૧૧–૧૨૩૬–૨
૪	રૂકનુદ્દીન	૧૨૩૬–૧૨૩૬–૦
૫	રઝીઆબેગ	૧૨૩૬–૧૨૩૯–

૬	મવજ્જુદ્દીન......................	૧૨૩૯–૧૨૪૧–૨
૭	અલ્લાઉદ્દીન......................	૧૨૪૧–૧૨૪૬–૫
૮	નાસરૂદ્દીન......................	૧૨૪૬–૧૨૬૫–૧૯
૯	ગ્યાસુદ્દીન......................	૧૨૬૫–૧૨૮૭–૨૨
૧૦	કૈકુબાદ......................	૧૨૮૭–૧૨૯૦–૩

કુતબુદ્દીન.

ઈ. સ. ૧૨૦૬–૧૨૧૦–૪ ગોરીવંશના શાહબુદ્દીનને કાંઈ સતાન નહોતું માટે તે ગુલ્લામો રાખી લડાઈની કળા શીખવતો તેમાંનો આ કુતબુદ્દીન હતો, આ બાદશાહ ઘણો બહાદુર હતો તેણે દિલ્હીમાં કુતુબમીનારો પોતાના નામપરથી ચણાવા માંડયો, તે પૂરો થતાં પેહેલાં કુતબુદ્દીન મરણ પામ્યો. ઈ.સ.૧૨૧૦

આરામ.

ઈ. સ. ૧૨૧૦

એ કુતબુદ્દીનનો દીકરો થાય, તેનામાં રાજ ચલવવાના હોશ નહોતા, દરેક બાદશાહ ગાદીએ બેસતો તેને ૩ બાબતની સાવચેતી રાખવી પડતી. ૧ તાબાના રાજા કે સુબા બંડ કરે તે બેસાડી દેવું. ૨ અફઘાન તથા તાત્તાર તરફથી હુમલા આવે તે પાછા વાળવા. ૩ રજપૂતો સાથે લડાઈમાં ટકી રહેવું. આ ત્રણેમાંથી એકે વાત આ બાદશાહ કરી શકયો નહીં, તેથી તેનામાં રાજ ચલાવવાની શક્તિ નથી, એવું જાણી તેના બનેવી અલ્તમસે રાજ લઈલીધું. ઈ. સ. ૧૨૧૧.

અલ્તમસ

ઈ. સ. ૧૨૧૧–૧૨૩૬–૨૫

એ ઘણો હુંશિયાર બાદશાહ હતો, તેના વખતમાં તાતાર દેશથી ખીવનો બાદશાહ જંઘીસખાં મુગલની જબરી ફોજ

લઇ હિંદુસ્તાનમાં આવ્યો, પરંતુ તે સિંધુ નદી ઉતરી આગળ વધ્યો નહીં. સિંધુ આગળ ઘણા હિંદુઓને માર્યા, ગામો લુટયાં, બાળ્યાં, ને પોતાને દેશ ગયો. અલ્તમસે સિંધ, બંગાળા તથા બહાર પ્રાંત જીત્યા અને માળવા પ્રાંત તાબે કરી ત્યાંનું કાળેશ્વર મહાદેવનું મોટું દેરૂં તોડી પાડયું; વિક્રમ રાજાની જૂની રાજધાની ઉજ્જનનગરી લુટી, અને કોહિનુર હીરો, દિલ્હીના ખજાનામાં આણ્યો, એમ પ્રથમ માળવા પ્રાંત આબાદશાહે તાબે કર્યો; વળી કુતબુદ્દીને અધુરો મૂકેલો કુતુબમિનારો પૂરો કરાવ્યો. એ મિનારો ૨૪૨ ફુટ ઊંચો છે. તે ઈ. સ. ૧૨૩૬માં મરણ પામ્યો.

રૂકનુદ્દીન

ઈ. સ. ૧૨૩૬-૧૨૩૬-૦

એ અલ્તમસનો દીકરો થાય. તેનામાં રાજ ચલવવાની શક્તિ નહોતી, તેથી તેની બેન રજીઆબેગમે રાજ સંભાળી લીધું ઈ. સ. ૧૨૩૬.

રજીઆબેગમ

ઈ. સ. ૧૨૩૬-૧૨૩૯-૩

એ અલ્તમસની દીકરી થાય. દિલ્લીની ગાદીએ મુસલમાન વર્ગમાં બેસનારી બાઇઓમાં રજીઆબેગમજ હતી બીજી કોઈ સ્ત્રી દિલ્લીની ગાદીએ થઈ નથી. આ બાઈ ઘણી હુંશિયાર તથા ભણેલી હતી, વળી ઇનસાફ કરવા સિંહાસનપર પોતેજ બેસતી, એણે એક હબસી ગુલામ સાથે દોસ્તી કરી તે અમીરોને ગમી નહીં, તેથી તેને ગાદીએથી ઉઠાડી કેદમાં પૂરી ત્યાંથી એક અમીરને લઇને નાસી ગઈ પરંતુ તે બને પકડાયાં ને માર્યાં ગયાં.

મવજીદ્દીન

ઈ. સ. ૧૨૩૯–૧૨૪૧–૨

એ રજીયાબેગમનો ભાઈ થાય. તેનામાં દમ નહીં હો-થી તેના રાજમાં બંડ થયું તેથી તે માર્યો ગયો. ઈ. ૧૨૪૧.

અલ્લાઉદ્દીન

ઈ. સ. ૧૨૪૧–૧૨૪૬–૫

આ બાદશાહને રાજ કરતાં પાંચ વર્ષ થઆં એટલામાં નો કાકો નાસરૂદીન અલ્લાઉદ્દીન બાદશાહને કેદ કરી પોતે ાદી ઉપર બેઠો.

નાસરૂદ્દીન

ઈ. સ. ૧૨૪૬–૧૨૬૫–૧૯

આ બાદશાહ રાજ ચલવવામાં થોડું મન ઘાલતો, પુ-તકો ઉતારી તેની લખામણીમાંથી પોતાનું ગુજરાન ચલા-તો અને બાદશાહી ખજાનામાંથી પોતે કાંઈ લેતો નહીં. .થા પોતાની રાણી પાસે રંધાવીને જમતો, તેના રાજનો ાધો કારભાર વજીર ગ્યાસુદીનબલબન ચલાવતો આ બા-શાહનો સ્વભાવ ઘણો સારો હતો, તે કોઇને માઠું લગા-તો નહીં. તેનો એક દાખલો એવો છે કે એક વખત તેણે ુસલમાની ધર્મનું પુસ્તક કુરાન લખ્યું હતું, તે પુસ્તક ેક અમીરને વંચાવ્યું. અમીરે તેમાં કાંઈ ચુક કાઢી એટલે ના દેખતાંજ તરત ચૂક સુધારી, પણ અમીર ગયા પછી ાછું હતું તેમજ લખ્યું, આનું કારણ પૂછતાં બાદશાહે કહ્યું ક જે માણુસ આપણને હેતથી શીખામણ દેવા આવે તેનું મન કેમ દુભાવાય! એવો એ ભલાદીલનો હતો.

એના વખતમાં જંઘીસખાના દીકરા હોલાકુખાંનો વકીલ તેના દરબારમાં આવ્યો હતો, તેને બાદશાહે અને તેના વજીર બલબને ભારે માન આપ્યું.

વજીર બલબન જુલમી હતો તેણે ઘણા સરદારોને દુઃખ દીધું, તેથી તેઓ નાસી ગયા, એના વખતમાં મુગલોએ હુમલા કર્યા હતા, તે બલબને પાછા વાળ્યા વળી બીજા બંડ પણ બલબને બેસાડી દીધાં. મેવાતમાં બંડ થયું હતું ત્યાંના ૧ લાખ માણસોને મારી નાખ્યાં.

ગ્યાસુદ્દીનની સત્તા ઘણી હતી. એક વખત કામ ઉપરથી, દૂર કરતાં રાજમાં ગડબડ થવાથી તરત પાછો કાયમ કરવો પડયો હતો, તે ઈ. સ. ૧૨૬૫ માં મરણ પામ્યો.

ગ્યાસુદીન બુલબુન.

ઇ. સ. ૧૨૬૫-૧૨૮૭-૨૨ નાશરૂદ્દીન બાદશાહને પુત્ર નહીં હોવાથી વજીર બુલબુન બાદશાહ થયો, એ અલ્તમસનો ગુલામ અને જમાઇ હતો, એનું રાજ મુગલ લોકોના સપાટામાં આવ્યું નહોતુ, તેથી તેની કિર્તિ વધી હતી, તેથી બીજા રાજા તથા પંડિતો તેના આશરા નીચે મુગલના જુલમથી આવ્યા હતા, અને એ વાતમાં બાદશાહ મોટાઈ માનતો તેમાં અમીર ખુશરૂ કરીને એક કવિ પણ આવ્યો હતો.

બંગાળાનો સુબો તોગ્રલ દિલ્હીની હકુમત માનતો નહોતો, તેથી બંગાળા જીતી લઇ ત્યાં પોતાના શાહજાદા બકારાખાંને સુબો ઠરાવ્યો.

વળી અફઘાનીસ્તાન તરફથી મોગલની જબરી ફોજા આવી, સિંધુને કાંઠે બાદશાહનો વડો શાહજાદો મહમદ સામો લડવા ગયો, તેમાં બાદશાહની ફોજ હારી અને મહ-

મદ મરાયો, તથા અમીર ખુશરૂ કવિ બાદશાહી ફોજમાંથી કેદ પકડાયો તેને મુગલ લોક લઈ ગયા.

પોતાના શાહજાદાના મોતથી બલબનને ઘણું માઠું લાગ્યું, અને તે માંદો પડયો, તેથી બીજો શાહજાદો બકારાખાં જે બંગાળામાં સુબો હતો તે પોતાના બાપને જોવા આવ્યો. તેણે જાણ્યુંકે બાદશાહને વધારે રોગ નથી, માટે રજા લીધા સિવાય પાછો બંગાળે ચાલ્યો ગાયો. આથી બાદશાહને ઘણું ખોટું લાગ્યું અને પાછળથી બાદશાહ તરતજ મરણ પામ્યો મરતી વખત તેણે વડા શાહજાદાના કુંવર કેખુશરૂને રાજ્ય અપવા કહ્યું હતું પરંતુ અમીરોએ બકારાખાનાદીકરા કૈકુબાદને ગાદી આપી, અને કેખુશરૂને તેના બાપની મુલતાનના સુબાની જગા હતી ત્યાં મેલ્યો એ ઇ. સ. ૧૨૮૭માં મરણ પામ્યો.

કૈકુબાદ.

ઈ. સ. ૧૨૮૭–૧૨૯૦–૩

એને નિજામુદ્દીન કરીને ખરાબ વજીર હતો. બાદશાહ મોજ શોખમાં પડયો અને રાજકાજમાં મન ઘાલ્યું નહીં, તેથી વજીરે ઘણા જણ ઉપર જુલમ કરી પ્રાણ લીધા, વળી કૈકુબાદે પોતાના કાકાના છોકરા કેખુશરૂનો પ્રાણ લીધો, તથા ઘણા અમીરોને માર્યા, આ બધા ખબર સાંભળી તેનો બાપ બકારાખાં બંગાળેથી લશ્કર લઈ શીખામણ દેવા આવતો હતો; એવામાં વજીર નિજામુદીને બાદશાહને કહ્યું કે તેતો રાજ લેવા આવેછે, એટલે કૈકુબાદ મોટુ લશ્કર લઈ સામો આવ્યો. રસ્તામાં મુકામ કર્યો ત્યાં બકારાખાં આવી મળ્યો. બકારાંખાનો વિચાર લડાઈ કરવાનો નહતો તેથી તેણે કહેરાવ્યું કે મારે તો બાદશાહને મળવું છે, એટલે વજીર નિજામુદીને

ફરમાન કર્યું કે તાબેદાર તરીકે તમારે બાદશાહને માન આપવું પડશે. તે વાત બકારાખાંએ કબુલ કરીં એટલે કચેરી ભરાઈ હતી તે તંબુમાં આવવાની બકારાખાંને રજા મળી.

બાદશાહ સિંહાસન ઉપર બેઠો છે, અને પોતાનો બાપ બકારાખાં ફરી ફરીને સલામો ભરેછે, તેમ છતાં વજીર નિજામુદીન ઘણું અપમાન કરે છે, અને પોતાનો પુત્ર કૈકુબાદ બાદશાહ નિરાંતે તખ્તપર બેઠો બેઠો જોયા કરેછે, તેથી સગપણને લીધે બકારાખાંને ઘણું માઠુ લાગ્યું, એટલે તેની આંખોમાં આંસુની ધાર વહેવા માંડી, તોપણ પોતે બધાને સલામો કરતો હતો, આવો દયામણો બનાવ જોઈ બાદશાહને પોતાના બાપનું હેત સાંભરી આવ્યું; એટલે તરતજ સિંહાસન ઉપરથી ઉઠીને પોતાના બાપને ગળે બાથ ભીડી અને એકબીજા કચેરીમાં રડવા લાગ્યા, તેથી કચેરીના ઘણા માણસો રડ્યા.

કૈકુબાદે પોતાના બાપને પોતાની જોડે બેસાડયો ને ઘણું માન આપ્યું, બકારાખાંએ કૈકુબાદને કેટલીક શીખામણ આપી, પણ તેને માલમ પડયું કે વજીર આગળ બાદશાહનું કાંઈ ચાલતુ નથી, તેમજ કૈકુબાદમાં પહોંચ નથી તેથી ખેદ પામી પાછો બંગાળે ગયો.

કૈકુબાદ પાછો આવ્યો, અને વજીરને ઝેર દઈ મારી નાંખ્યો, પરંતુ બાદશાહમાં રાજ ચલાવવાની સત્તા નહોતી, એવામાં ખીલજી લોકોએ બંડ કરી, પોતાના સરદાર જલાલુદ્દીનને ગાદીએ બેસાડયો ને કૈકુબાદને મારી નાંખ્યો ઈ. સ. ૧૨૯૦

ખીલજી વંશ ઈ. સ. ૧૨૯૦–૧૩૨૦–૩૦

૧	જલાલુદ્દીન	૧૨૯૦–૧૨૯૫–૫
૨	ઈબ્રાહિમ	૧૨૯૫–૧૨૯૫–૦
૩	અલાઉદ્દીન	૧૨૯૫–૧૩૧૫–૨૦
૪	ઉમ્મર	૧૩૧૫–૧૩૧૬–૧
૫	મુબારક	૧૩૧૬–૧૩૨૦–૪
૬	ખુશરૂ	૧૩૨૦–૧૩૨૦–૦

અફઘાનિસ્તાનમાં ગિલચા કરીને પ્રાંત છે ત્યાંના રહેવાશી માટે ગીલચી (ખીલજી)વંશ નામ પડ્યું.

જલાલુદ્દીન.

ઈ. સ. ૧૨૯૦–૧૨૯૫–૫

આ બાદશાહ ગાદીએ બેઠો ત્યારે ૭૦ વર્ષનો ડોસો હતો બાદશાહ ઘણો દયાળુ હતો, તેમ છતાં ગુલામવંશના તમામ કુટુંબનો ઘાત કરાવ્યો હતો, વળી તે લુચ્ચા ચોર ઠગારા વગેરે માણસો પર દયા લાવી સજા કરતો નહોતો, તેથી તેના રાજનો બંદોબસ્ત સારો નહોતો.

મોટા રસ્તા પર પણ ચાલતા મુસાફરોને ચોર લુટી લેતા તેને અલાઉદ્દીન કરીને એક ભત્રિજો હતો તે ગંગા નદી ઉપરના કરા ગામનો સૂબો હતો તેના પર બાદશાહનો ઘણો પ્યાર હતો. અલાઉદ્દીને પોતાના કાકાને પૂછ્યા સિવાય દક્ષિણપર સ્વારી કરી હતી. રાજમહેંદ્રીના રાજાની નોકરી કરવા જાઊંછુ, એવું બહાનું કાઢી અલાઊદ્દીન દક્ષિણમાં વિંધ્યાચળ પર્વત ઓળંગી ઠેઠ ઈલીચપુર તરફ ગયો અને ત્યાંથી દેવગીરીપર વળ્યો. દેવગીરીને હમણાં દોલતાબાદ કહે છે, અને તે નિઝામના રાજમાં આવેલું છે. ત્યાં રામદેવ ક-

રીને આખા મહારાષ્ટ્ર દેશનો રાજા રાજ કરતો હતો, તેના-પર એચિંતી સ્વારી કરી તેથી રામદેવે કાંઈ તૈયારી કરી નહોતી.

રામદેવનો કુંવર ને રાણીતો પાસેના દેરામાં દરશન કરવા ગયાં હતાં. અલાઉદ્દીને દેવગીરીને ઘેરો ઘાલ્યો. રાજારામ દેવ કિલ્લાનાં ભરાયો ને લડવા સામો થયો, પરંતુ અલાઉદ્દીને કહ્યું કે આતો મોખરાના માણસોજ લઇને હું તો આવ્યો છું, હજુતો પાદશાહની જબરી ફોજ પાછળ આવેછે.

વળી રામદેવનો દીકરો બહાર હતો, તે લસ્કર ભેગુ કરી લડવાને આવ્યો તેને અલાઉદ્દીને હરાવ્યો.

રામદેવ ગભરાયો અને અલાઉદ્દીને દેવગીરી જીતી લૂટ ચલાવી. કિલ્લામાં ખોરાક માટે અનાજને બદલે ભૂલથી મીઠાની ગુણો લીધી હતી, તેથી રામદેવની પાસે ખાવાનું કાંઈ રહ્યું નહીં, એટલે તાબે થઈ ઘણું ધન તથા હાથી ઘોડા અલાઉદ્દીનને આપ્યા, અને ખંડણી આપવી કબુલ કરી. એટલું લઇને અલાઉદ્દીન ખાનદેશ તથા માળવાને રસ્તે પાછો ફરે ગયો.

અલાઉદ્દીનફરે આવ્યાના ખબર પાદશાહ જલાલુદ્દીને સાંભળ્યા, તેથી થોડા સ્વારો લઈ મળવા ગયો. બાદશાહ જલાલુદ્દીન જેવો અલાઉદ્દીનને ભેટવા જાયછે તેવીજ અલાઉદ્દીને આગળથી તજવીજ કરી રાખ્યા પ્રમાણે મારાએ તેના ગળામાં છરી મારી તેનો જીવ લીધો. ઈ. સ. ૧૨૯૫.

ઇબ્રાહીમ.

ઇ. સ. ૧૨૯૫ માં ગાદીએ બેઠો એ જલાલુદ્દીનનો દીકરો થાય બાદશાહના મરણના ખબર સાંભળતાંજ બે-

ગમે ઈબ્રાહીમને ગાદીએ બેસાડયો, પરંતુ અલાઉદ્દીન રાજચિન્હ ધારણ કરી, લશ્કર લઈ દિલ્લી આવ્યો. બેગમ તથા ઈબ્રાહીમ નાઠાં, તેમને દગાથી પકડી મારી નાખ્યાં.

અલાઉદ્દીન.

ઈ. ૧૨૯૫–૧૩૧૫–૨૦

એ અઉલાદી આ ખુનીના નામથી પ્રખ્યાતછે. દક્ષિણમાંથી લાવેલી લૂટ મોટા અમીરોને તથા લશ્કરી સરદારોને વહેંચી બધાને સંતોષ્યા, તેથી કોઈ તેને આડે આવ્યું નહીં.

(૧) ગુજરાતમાં કરણઘેલાનું રાજ હતું, તેની રાજધાની પાટણમાં હતી. કરણ વાઘેલાના જુલમથી તેના પ્રધાન માધવે અલાઉદ્દીન પાસે દિલ્લી જઈ ફરિયાદ કરી, તેથી અલાઉદ્દીને પોતાના ભાઇ અલીફખાન તથા સરદાર નસરતખાનને ઈ. સ. ૧૨૯૭ માં ગુજરાત જીતવા મોકલ્યા, તેમણે ગુજરાતનો સપાટ મુલક ઉજડ કર્યો. કરણરાજા લડાઇમાં હાર્યો, તેથી પોતાની વહાલી પુત્રી દેવળદેવીને સાથે લઇ દક્ષિણમાં બાગલાણમાં નાશી ગયો. બાદશાહી લશ્કરે અણહીલવાડ લૂટયું, અને ગુજરાતની હિંદુ ગાદીનો અંત આણ્યો.

કરણ રાજાની રાણીઓને પકડીને દિલ્લી મોકલી, તેમાં રાણી કમળાદેવી ઘણી રૂપવાન ને ગુણવાન હતી, તેને બાદશાહ અલાઉદ્દીન પરણ્યો. ખંભાત લુટતાં મલેકકાફુર ગુલામ હાથ આવ્યો; તે આગળ લશ્કરી સરદાર થયો.

જ્યારે ગુજરાત લુટી ફોજ દિલ્લી આવી, ત્યારે બાદશાહે લુટનો ભાગ માગ્યો તેથી ફોજે બંડ કર્યું; તેમાં ઘણા

જણ બૈરાં છોકરાં સુદ્ધાંત માર્યા ગયાં.

(૨) અલાઉદ્દીનના સમયમાં મોગલ લોકોએ હુમલા કર્યા, તેમાં પેહેલા બે ઇ. સ. ૧૨૯૭–૯૮ માં પંજાબ-પર કર્યા. ત્રીજો ઇ. ૧૨૯૮ માં મોગલ સરદાર કુતલુઘ્ર-ખાંએ કર્યો, તેને બાદશાહના સરદાર જાફરખાંએ હરાવ્યો. પાછળથી બાદશાહના મનમાં આવ્યું કે જાફરખાં જબ-રોછે, માટે રાજમાં ગડબડ કરવાની બીકથી બાદશાહ અદેખાઇ કરવા લાગ્યો, તેથી થોડાં માણસો આપી મુ-ગલોની પાછળ મોકલ્યો, અને પાછળથી કહ્યા છતાં બાદ-શાહે મદદ કરી નહીં, તેથી મોગલ લોકોએ થોડાં મા-ણસ જાણી જાફરખાંપર ચડાઈ કરી મારી નાંખ્યો.

ઇ. સ. ૧૩૦૩ માં ચોથીવાર મોગલ લોકો દિલ્લી આવ્યા, પણ લડાઇ નહીં કરતાં પાછા ગયા. ત્યારપછી ત્રણ હુમલા રોહિલ ખંડપર કર્યા, તેમાં ઘણા મુગલો મા-ર્યા ગયા.

(૩) અલાઉદ્દીને ઇ. સ. ૧૩૦૦ થી ૧૩૦૩ સુધીમાં ચિતોડ રણથંભોર વગેરે રજપૂત રાજ્યો જીત્યાં.

વળી મલેકકાફુરને લશ્કરી સરદાર બનાવી દક્ષિણમાં વરંગુળ જીતવા મોકલ્યો. બાદશાહી લશ્કર દક્ષિણ તરફ જવાને તૈયાર થયું તે વખત રાણી કમળાદેવીએ બાદ-શાહને કહ્યું કે તમારૂં લશ્કર દક્ષિણમાં જાયછે, ત્યાં કરણ રાજા નાસી ગયાછે, તેમની પાસે મારી દીકરી દેવળ દેવીછે તેને લેતા આવે. બાદશાહે ફોજના સરદાર મલેક-કાફુરને ભલામણ કરી. કાફુરે દક્ષિણમાં જતાં શોધ કરવા માંડી એવામાં મુસલમાનની બીકથી કરણ રાજા

વેરૂલની ગુફા નજીકથી દેવળદેવીને લઈ નાસી જતો હતો, ત્યાં સિપાઈઓની નજરે પડવાથી કરણ રાજા પાસેથી ઝુંટવી લીધી, અને બાદશાહ પાંસે દિલ્લી મોકલી તેને બાદશાહનો દીકરો ખીજરખાં પરણ્યો.

મલેક કાફુરે ખાનદેશ માળવાને મહારાષ્ટ્ર તાબે કર્યા દેવગીરીના રાજા રામદેવને દિલ્લી લઈ ગયો ને તાબેદારી કબુલ કરાવી. ઈ. ૧૩૦૬ થી ૧૩૧૨ સુધીમાં વરંગુળ તથા કર્ણાટક જીતી ઠેઠ રામેશ્વર સુધી દક્ષિણ હિંદુસ્તાન તાબે કર્યો, એમ દિલ્લીની બાદશાહીને તાબે પેહેલવેહેલો દક્ષિણ દેશ થયો.

(૪) જેવી રીતે અલાઉદ્દીને પોતાના કાકાને મારી રાજ લીધું, તેવી રીતે અલાઉદ્દીનના ભત્રિજા સુલેમાનને ઇચ્છા થઈ, તેથી પાદશાહ શિકારે ગયો ત્યારે લાગ જોઈને સુલેમાને વગડામાં તીર માર્યું, એટલે અલાઉદ્દીન બેશુદ્ધ થઈને પડ્યો, લશ્કરી છાવણીમાં જઈ સુલેમાને કહ્યું કે બાદશાહ મરી ગયો, ને હવે હું પાદશાહ છું. પણ પાછળથી અલાઉદ્દીનને ભાન આવવાથી તે છાવણીમાં આવ્યો, એટલે સુલેમાન નાઠો તેને પકડીને મારી નાંખ્યો.

(૫) બાદશાહના ઘડપણના વખતમાં ગુલામ મલેક કાફુરનું ઘણું જોર વધ્યું હતુ, તેમજ તે ઘણો ખટપટીઓ હતો હવે બાદશાહની પડતીના દહાડા આવ્યા, કાફુરે બેગમ તથા મોટા કુંવરને કેદમાં નંખાવ્યા, તથા બાદશાહના ભાઈ અલીફખાનને મારી નંખાવ્યો, તેવામાં રજપૂતોએ ચિતોડ લીધું ને દક્ષિણમાં રામદેવના જમાઈ હરપાળે દેવગીરીમાંથી મુસલમાનોને કાઢી મૂક્યા. આ ખ-

ખર સાંભળી અલાઉદ્દીનને ઘણું દુઃખ લાગ્યું. આવા દીલગીરીના વખતમાં તે માંદો પડયો. એને કાપુર સિવાય બીજા કોઈ ઉપર વિશ્વાસ નહોતો, તેજ કાપુરે તેને ઝેર દઇને માર્યો. ઈ. ૧૩૧૫

અલાઉદ્દીને હિંદુના ઘણાં દેરાં તોડ્યાં, અને મસીદો બનાવી, તથા ઘણાં માણસોને ક્રુર રીતે માર્યા, તેથી ખુની એ નામથી ઓળખાયો.

ઉમ્મર.

ઈ. સ. ૧૩૧૫–૧૩૧૬–૧ કાપુરે અલાઉદ્દીનના મોટા બે દીકરાને આંધળા કર્યા ને ત્રીજા મુબારકને મારી નાંખવા માણસો મોકલ્યા, તથા ચોથા દીકરા ઉમ્મરને ગાદીએ બેસાડી પોતે રાજ ચલાવવા લાગ્યો, એવામાં મુબારકે પોતાને મારવા આવેલા માણસોને સમજાવી ઉલટો કાપુરને મરાવી નંખાવ્યો ને ઉમ્મરને કેદ કર્યો. ઈ. ૧૩૧૬

મુબારક.

ઈ. ૧૩૧૬–૧૩૨૦–૪ આ બાદશાહે પોતાના કુટુંબમાંથી તમામને મારી નંખાવ્યા, તેણે મલબાર કાંઠો જીત્યો, તથા દક્ષિણમાં હરપાળને હરાવી પકડી તેની ચામડી ઉતરડી નંખાવી એ એના બાપ જેવો નિર્દય હતો. પોતાના વજીર ખુશરૂને તમામ રાજપાટ સોંપી પોતે મોજમજા કરવા લાગ્યો, એ ખુશરૂ જાતનો ઢેડ હતો, તેણે મુબારકનો ઘાત કરાવ્યો ઈ. ૧૩૨૦

ખુશરૂ.

એ ઈ. સ. ૧૩૨૦માં ગાદીએ બેઠો, તે નીચ જાતનો હતો માટે કોઇએ તેને પાદશાહ માન્યો નહીં, ને મદદ કરી નહીં તેણે પોતાના સગાઓને મોટી નોકરીઓ આપી, સરદાર

બનાવ્યા, તેથી ઘણા અમીરો ગુસ્સે થયા. શાહજાદાની રાણી દેવળદેવીને પરણ્યો. આ દેવળદેવીને ઘણા જણની સ્ત્રી થઇને રહેવું પડ્યું, તેના દુઃખનો ઇતિહાસ અમીર ખુશરૂએ ફારસી કવિતામાં બનાવ્યો છે.

દિલ્હીની બાદશાહીના આવા ખબર સાંભળી ગુસ્સે થઇ પંજાબનો સુબો ગ્યાસુદ્દીન તઘલખ જબરૂં લશ્કર લઈ આવ્યો, તેની સાથે ખુશરૂને લડાઈ થઈ તેમાં તે માર્યો ગયો. ઈ. ૧૩૨૦ એમ ખીલજીવંશની સમાપ્તી થઈ.

તઘલખવંશ ઈ. ૧૩૨૦–૧૪૧૪–૯૪

૧	ગ્યાસુદ્દીન	૧૩૨૦–૧૩૨૫–૫
૨	મહમૂદ	૧૩૨૫–૧૩૫૧–૨૬
૩	ફિરોઝુદ્દીન	૧૩૫૧–૧૩૮૮–૩૭
૪	ગ્યાસુદ્દીન (૨)	૧૩૮૮–૧૩૮૯–૧
૫	અબુબકર	૧૩૮૯–૧૩૮૯–૦
૬	નાસરૂદ્દીન	૧૩૮૯–૧૩૯૨–૩
૭	સિકંદર	૧૩૯૨–૧૩૯૨–૦
૮	મહમદ (૨)	૧૩૯૨–૧૪૧૨–૨૦
૯	સરદાર દોલતખાં	૧૪૧૨–૧૪૧૪–૨

ગ્યાસુદ્દીન.

ઈ. ૧૩૨૦–૧૩૨૫–૫ એ પંજાબનો હાકેમ હતો. ખુશરૂખાંને મારી તેણે દિલ્હી હાથ કર્યું અને તમામ અમીરોને ભેગા કરી કહ્યું કે હવે તમારી મરજીમાં આવે તેને ગાદીએ બેસારો મેં તો તમને જુલમમાંથી મુકાવવા સારૂ લડાઈ કરી હતી, તેથી તમામ અમીરોએ કહ્યું કે બા-

દશાહના કુળમાં કોઈ રહ્યું નથી માટે તમે ગાદીએ બેસો. તેથી ગ્યાસુદ્દીન તઘલખ ગાદી ઉપર બેઠો.

એણે પોતાના દીકરા જુમાખાં (મહંમદને) લસ્કરનો સર્દાર બનાવ્યો ને વરંગુળ જીતવા મોકલ્યો, તે પેહેલી સ્વારીમાં હારીને પાછો આવ્યો પરંતુ બીજી સ્વારીમાં વરંગુળ જીતી લીધું.

પછી બાદશાહ બંગાળા પ્રાંતનો બંદોબસ્ત કરવા ગયો. ત્યાંનો સુબો હજુ બકારાખાં હતો તેને ત્યાં કાયમ રાખ્યો.

જે વખતે બાદશાહ બંગાળેથી પાછો આવ્યો તે વખતે તેને આવકાર આપવા માટે શાહજાદા જુમાખાંએ લાકડાનો માંડવો બનાવ્યો હતો, તેમાં પાદશાહ તથા તેનો બીજો દીકરો ઉતર્યા. જુમાખાં માંડવામાંથી બહાર નીકળી ગયો એટલે પાછળથી માંડવો પડ્યો, તેમાં પાદશાહ તથા શાહજાદો દબાઈ મુઆ. એમાં જુમાખાંનું કાવતરૂં હતું ઈ. સ. ૧૩૨૫

એણે દિલ્લીની પાસે તઘલખાબાદ કિલ્લો બંધાવ્યો તે હજુ કાયમ છે.

મહંમૂદ.

ઈ. સ. ૧૩૨૫–૧૩૫૧=૨૬

જુમાખાં પોતાનું મહંમદ નામ પાડી ગાદી ઉપર બેઠો એ ભણેલો તથા બુદ્ધિવાન હતો પરંતુ અવિચારી અને નિર્દય હતો, એના વખતમાં મુસલમાની સત્તા ઘણી ફેલાણી હતી. રજપૂતો સિવાય બીજાં મોટાં રાજ્ય પાદશાહને તાબે હતાં. એણે વિચાર કર્યા વગર કેટલાંક કામ કર્યાં, તેથી મહંમદ ગાંડો કહેવાયો.

ગાંડાઈનાં કામ—૧ એણે દીવગીરીમાં ગાદી કરવાનો મનસુબો કરી દિલ્લીના તમામ લોકને હુકમ કર્યો કે તમારે દોલતાબાદમાં જઇને રહેવું. બેવાર તેઓ દેવગીરી જઇને રહ્યા અને બેવાર પાછા દિલ્લી કાઢ્યા, એ જા, આવમાં હજારો માણુસ મરી ગયાં.

(૨) ઇરાન તથા ચીન મોકલવા મોટી ફોજો તૈયાર કરી, તેમાં ઇરાનની ફોજ વિખરાઇ ગઇ અને ચીનની ફોજના ૧ લાખ માણુસ રસ્તામાં મરણ પામ્યાં.

(૩) મોટાં મોટાં લસ્કર રાખી ખજાનો ખાલી કર્યો, તેથી પીતળનું નાણું ચલાવ્યું, તે હિંદના વેપારીઓએ રૂપીયાને બદલે લીધું, અને બીજા દેશમાં રૂપીયાને બદલે તે ચાલ્યું નહીં, તેથી વેપારીને ઘણી ખોટ ગઈ અને વેપાર બંધ થયો ને પાદશાહને તંગી પડી.

(૪) ખેડુતોના કર વેરા ઘણા વધાર્યા તેથી જમીન મૂકી ખેડુતો વનમાં નાસી ગયા એટલે તેમના ઘરબાર લુટ્યાં. વળી તેઓને ચોતરફથી ઘેરી શિકાર કરવા માંડ્યો.

(૫) કનોજ શહેરમાં કતલ ચલાવી ઘણાં માણુસોને મારી નાખ્યાં, અને એટલી નિર્દયતા વાપરી કે અલ્લાઉદીન ખુનીને વીસારી મૂક્યો.

(૬) તેના પડેલા દાંતપર સુંદર કબર ચણાવી ઘણું નાણું ખરચ્યું. આવાં દુષ્ટ કર્મોથી તેના રાજનો બંદોબસ્ત રહ્યો નહીં. એના રાજમાં એવા જુલમ થયા કે તે વર્ણવતા કમકમાટી છુટેછે, અને એવા જુલમ તથા ગેરબંદોબસ્તથી તેના રાજમાં બંડ થયાં.

બલવા–૧ માળવામાં ઇ. સ. ૧૩૩૮માં થયો તેમાં ત્યાં

ના હાકેમની જીવતાં ચામડી ઉતરડી નંખાવી. (૨) પંજાબમાં મલેક બહેરામે બલવો કર્યો તેને ગરદન માર્યો.

(૩) બંગાળામાં ઈ. સ. ૧૩૪૦ માં બલવો થયો તે સમ્યો નહીં.

(૪) કર્ણાટક તથા તૈલંગણમાં ઈ. સ. ૧૩૪૪ તેમાં કર્ણાટકવાળે વિજયનગરમાં, અને તૈલંગણ વાળે વરંગુળમાં સ્વતંત્ર રાજ સ્થાપ્યું. (૫) દક્ષિણમાં નિઝામુલમુલ્કે બળવો કર્યો તે સમાવવા પાદશાહ પંડે ગયો એવામાં અફઘાનોએ પંજાબમાં બળવો કર્યો. (૬) ગુજરાતમાં ઈ. સ. ૧૩૪૭ માં બલવો થયો તે સમાવ્યો. (૭) દક્ષિણમાં હસનગંગુએ ઈ. સ. ૧૩૪૭ માં બ્રાહ્મણી વંશનું રાજ કલબુર્ગમાં સ્થાપ્યું.

(૮) ગુજરાતમાં ફરીને બલવો થયો તે સમાવવા પાદશાહ પંડે આવ્યો અને સુરત તથા ખંભાત લુટયાં, એટલે ગુજરાતના બંડ ખોરો સિંધમાં ઠઠ્ઠા શેહેરછે ત્યાં ભરાયા, તેમને પકડવા પાદશાહ ગયો, ત્યાં તે માંદો થઈ મરણ પામ્યો ઈ. સ. ૧૩૫૧.

ફિરોઝુદ્દીન ઈ. સ. ૧૩૫૧–૧૩૮૮–૩૭

એ મહમદબાદશાહનો ભત્રિજો થાય, એણે સિંધદેશ જીતી બંદોબસ્ત કર્યો તથા બંગાળા અને દક્ષિણની સ્વતંત્રતા કબુલ કરી, એના વખતમાં રૂડા કાયદા બંધાણા અને જીવતાં ચામડી ઉતારવી તથા નાક કાન વગેરે કાપવાની જુલમી સજા બંધ કરી, વળી લડાઇટંટા ઘણા ઓછા થયા તેણે દવાખાનાં ધર્મશાળા, પુલ, નેહેરો મદ્રેસા સડક વગેરે બંધાવ્યાં, અને રસ્તામાં ઝાડો રોપાવ્યાં વળી નેહેરોમાંની એક

નેહેર જમના નદીમાંથી ખોદાવેલી હાલ પણ છે.

બાદશાહ ઘરડો થયો ત્યારે તેના વજીરને રાજ લેવાની ઇચ્છા થઈ અને વિચાર કર્યો કે બાદશાહ તથા શાહજાદાને અણબનાવ કરાવી બાદશાહના દીકરાને મારી નાંખવો કે વૃદ્ધ બાદશાહના મરણ પછી કોઈ હરકત કરે નહી; પણ શાહજાદાએ છાનામાના પોતાના બાપની પાસે જઈ બધી ખટપટ જાહેર કરી, તેથી વજીરને બરતરફ કર્યો. ત્યાર પછી થોડે દહાડે બાદશાહ મરણ પામ્યો. ઈ. સ. ૧૩૮૮

ગ્યાસુદ્દીન બીજો ઈ. સ. ૧૩૮૮–૧૩૮૯–૧ એ ફિરોજુદીનનો પૌત્ર થાય, તેને ગાદીએથી ઉઠાડી મારી નાંખ્યો.

અબુબકર.

ઈ. ૧૩૮૯માં ગાદીએ બેઠો એ ગ્યાસુદ્દીન બીજાનો ભાઇ થાય. એનો કાકો નાસરૂદ્દીન ડુંગરમાં સંતાઈ ફોજ એકઠી કરીને આવ્યો, અને અબુબકરને ગાદીએથી ઉઠાડી મૂક્યો.

નાસરૂદ્દીન.

ઇ, સ. ૧૩૮૯–૧૩૯૨–૩ એના વખતમાં ઘણાં બંડ થયાં રાજ કરતાં ૩ વર્ષ થયાં એટલામાં તેનું મરણ થયું.

સિકંદર.

ઈ. સ. ૧૩૯૨ એ નાસરૂદ્દીનનો દીકરો થાય એણે ૪૫ દહાડા રાજ કર્યું.

મહમદ બીજો.

ઈ. સ. ૧૩૯૨–૧૪૧૨–૨૦ એ સિકંદરનો ભાઈ થાય તે ઘણો નબળો હતો એના વખતમાં ગુજરાત માળવા જુવાનપુર વગેરેના સુબા સ્વતંત્ર થયા, એવામાં હિંદુસ્તાનને માથે મોટી આફત આવી.

ઈ. સ. ૧૩૯૮ માં સમરકંદથી મુગલની જબરી ફોજ લઈ તૈમુર ચડી આવ્યો. આ ફોજ દેશ લુટતી ગામડા બાળતી અને હજારો માણુસોને વાઢી નાખતી પંજાબમાં પેઠી, આગળ ચાલતાં મહમદ બાદશાહ લસ્કર લઈ સામે આવ્યો, પણ જરા ટકી શક્યો નહીં અને તરત ગુજરાત ભણી નાઠો તૈમુરે દિલ્લી શેહેર હાથ કર્યું, એટલે દિલ્લીના લોકો તેને શરણે આવ્યા. તેઓને તૈમુરે અભય વચન આપ્યું પાછળથી એના વાઘ જેવા વિકરાળ સિપાઈઓએ દિલ્લીમાં કતલ ચલાવી, પાંચ દહાડા સુધી ખુનરેજી ચાલી મુડદાના ઢગલા થયા, ને લોહીની નીકો ચાલી, દિલ્લી શેહેર લૂટયું અને બાળ્યું, તે વિશ્વાસઘાતી તૈમુરે બેઠા બેઠા નજરે જોયા કર્યું, ત્યાર પછી છેલ્લે દહાડે ફિરોજશાહે બંધાવેલી મસીદમાં જઈ પોતાના જયને માટે પ્રાર્થના કરી દિલ્લીથી રવાના થયો તેણે ઘણી લુટ તથા કેદીઓ સાથે પકડી લીધા તે એટલા બધા હતા કે તેમને સાચવવાને માટે હરકત જણાઈ ત્યારે પંદર વર્ષ ઉપરની ઉમ્મરના કેદીઓની કતલ કરી, એવો તે ક્રુર પાપી હતો.

તે ગયો ત્યારે દિલ્લી પાયમાલ થઇ ગયું હતું. જ્યાં ત્યાં શોકને રડા રોળ થઇ રહી હતી, તે જે રસ્તેથી આવ્યો તે રસ્તો ઉજડ થઇ ગયો હતો ને બાળેલાં ગામડાં તેનો માર્ગ બતાવતાં હતાં.

તૈમુર ગયા પછી મહમદ બાદશાહે આવી નામની બાદશાહી ભોગવી ઇ. સ. ૧૪૧૨ માં મરણ પામ્યો.

દોલતખાં.

ઇ. ૧૪૧૨–૧૪૧૪–૨ પાછળ ગાદી વારસ કોઈ રહ્યું,

નહીં, તેથી સરદાર દોલતખાંએ એવર્ષ રાજ ચલાવ્યુ એવામાં પંજાબમાંથી સૈયદ ખીજરખાંએ આવી તૈમુરનો મુકેલો હાકેમ હું છું એમ કહી રાજ લઈ લીધું, અને તઘલખવંશની સમાપ્તી થઇ. ઇ. સ. ૧૪૧૪

સૈયદ વંશ.

ઈ. સ. ૧૪૧૪–૧૪૫૦–૩૬

૧	ખીજરખાં......................	૧૪૧૪–૧૪૨૧–૭
૨	મુબારક........................	૧૪૨૧–૧૪૩૩–૧૨
૩	મહંમદ.........................	૧૪૩૩–૧૪૪૩–૧૦
૪	અલાઉદ્દીન......................	૧૪૪૩–૧૪૫૦–૭

ખીજરખાં—ઇ. સ. ૧૪૧૪–૧૪૨૧–૭ આ બાદશાહ આળસુ તથા શોખી હતો તે સાત વર્ષ રાજ કરી મરણ પામ્યો.

મુબારક—ઇ. સ. ૧૪૨૧–૧૪૩૩–૧૨ એ ખીજરખાંનો દીકરો થાય એના વખતમાં પંજાબ તથા રોહીલખંડ લેવા માટે કેટલીક લડાઇઓ થઇ એવામાં વજીરે તેના પ્રાણ લીધા.

મહંમદ—ઇ. સ. ૧૪૩૩–૧૪૪૩–૧૦ એ મુબારકનો ભત્રીજો થાય. એના વખતમાં જુવાનપુર તથા માળવાના સુબાએ દિલ્હી લેવાની તૈયારી કરી હતી, એવામાં પંજાબના સુબા બહીલોલખાં લોદીએ બચાવ કર્યો તે ઇ. સ. ૧૪૪૩ માં મરણ પામ્યો.

અલાઉદ્દીન—ઇ. સ. ૧૪૪૩–૧૪૫૦–૭ એણે પોતાની મેળેજ દિલ્હીપરથી હાથ ઉઠાવી લીધો ને દિલ્હીથી ૭૦ ગાઉ બુદાયુન ગામછે, ત્યાં જઈ રહ્યો અને રાજપાટ બહીલોલખાં લોદી નામે વજીરને સોંપી દીધું, અને સૈયદ વંશની સમાપ્તી થઈ. ઇ. સ. ૧૪૫૦.

લોદી વંશ.

ઈ. સ. ૧૪૫૦–૧૫૨૬–૭૬

૧	બહીલોલખાં	૧૪૫૦–૧૪૮૮–૩૮
૨	સિકંદર	૧૪૮૮–૧૫૧૬–૨૮
૩	ઇબ્રાહીમ	૧૫૧૬–૧૫૨૬–૧૦

બહીલોલખાં—૧૪૫૦–૧૪૮૮–૩૮ એ ગાદીએ બેઠો ત્યારે દિલ્લીનું રાજ છેક નબળી હાલતમાં આવ્યું હતું, એ પંજાબનો સુબો હતો, એટલે પંજાબ પ્રાંતતો પાછો દિલ્લીના તાબે આવ્યો, વળી તેણે જુવાનપુર જીતી લીધું અને પંજાબથી બંગાળા સુધીનો મુલક તાબે કર્યો.

સિકંદર—ઇ. ૧૪૮૮–૧૫૧૬–૨૮ એ બહીલોલખાંનો દીકરો થાય. એ ધર્માંધ હતો તેથી હિંદુ ધર્મને નુકશાન કર્યું અને ઘણાં દેરાં તોડયાં, વળી તેણે દિલ્લીથી આગ્રામાં ગાદી કરી, એના વખતમાં ફિરંગી લોકો હિંદુસ્તાનમાં વેપાર કરવા આવ્યા તથા પંજાબમાં નાનક પંથ ચાલ્યો એ ઇનસાફમાં સારો હતો તથા કવિતા પણ કરી જાણતો. ઈ. સ. ૧૫૧૬માં મરણ પામ્યો.

ઈબ્રાહીમ. ઈ. ૧૫૧૬–૧૫૨૬–૧૦ એ ઘણો અભિમાની હતો, એણે પોતાના ભાઈ તથા બીજા અમીરોની હત્યા કરી તે બીજા અમીરોને ગમ્યું નહીં. વળી પંજાબના સુબા દોલતખાં લોદીએ ડરીને કાબુલના પાદશાહ બાબરને મદદે બોલાવ્યો, તે ઈ. ૧૫૨૬માં મોગલની જબરી ફોજ લઈ હિંદુસ્તાનમાં ઉતર્યો, તેની સામે લડવાને ઈબ્રાહીમ આવ્યો પાણીપતના મેદાનમાં જબરી લડાઈ થઈ.

પાણીપતની ત્રીજી લડાઈ—બાબરે પોતાની તોપો બાંધી

લીધી અને પોતાની ફોજના બચાવ માટે ધુંળનો ગઢ કરાવી લીધો. ભારે લડાઈ થઈ તેમાં ઈબ્રાહીમ હાર્યો ને મરાયો તથા તેની સાથે બીજુ ૫૦ હજાર લસ્કર માર્યું ગયું. બાબરે તરત આગ્રા હાથ કર્યું અને ગાદી ઉપર બેઠો, એમ લોદી વંશની સમાપ્તી થઈ. ઈ. ૧૫૨૬.

પ્રકરણ ૪ થું.

દક્ષિણનાં રાજ્યો.

હિંદુરાજ્યો—(૧)ચેરા એ રાજ્ય મહિસૂરની પશ્ચિમે હતુ તેની રાજધાની તાલકંદ નગરમાં હતી.

(૨)**ચોલા**—એ રાજ્ય કર્ણાટકમાં તેની રાજધાની તાંજોરમાં હતી.

(૩)**પાંડ્ય**—એની રાજધાની મધુરામાં હતી.

(૪)**વિજયનગર**—એ મદ્રાસ ઈલાકામાં હતું તેની આખર મોગલવંશના પાદશાહોએ આણી.

મુસલમાની રાજ્યો બ્રાહ્મણીવંશ.

દિલ્લીમાં ગંગુ કરીને બ્રાહ્મણ હતો, તેને હસન નામે ગુલામ હતો. ગંગુએ પોતાના ગુલામનું નસીબ જોઈ કહ્યું કે તુ બાદશાહ થઈશ. એમ કહી તેને પોતાના કબજામાંથી છુટો કર્યો.

હસન દક્ષિણમાં આવ્યો, ત્યાં તે હસન ગંગુના નામથી ઓળખાયો.

મહંમદ તઘલખના વખતમાં દક્ષિણમાં બલવો થયો હતો. ત્યારે હસનગંગુ લસ્કરનો સરદાર બન્યો હતો; પછી કેટલીક ઉથલ પાથલ થયા કેડે તેણે ઈ. સ. ૧૩૪૭માં કલબુર્ગમાં રાજધાની કરી અને પોતાના ધણી ગંગુ બ્રાહ્મણના નામ

ઉપરથી પોતે મુસલમાન છતાં બ્રાહ્મણી વંશ નામ રાખ્યું.

બ્રાહ્મણી વંશની ગાદીએ ૧૮ પાદશાહ થયા ને ૧૭૮ વર્ષ સુધી રાજ્ય ચાલ્યું.

કલબર્ગા પછી બેદરમાં ગાદી થઈ અને પાછળથી કુસંપ થયાથી બ્રાહ્મણીવંશના પાંચ વિભાગ થયા.

(૧)અદિલશાહે ૧૪૮૯માં વિજાપુરમાં રાજ સ્થાપ્યું, તેની ઔરંગજેબ બાદશાહે આખર આણી.

(૨)કુતુબશાહે ગોવળકોંડામાં ઈ. ૧૫૧૨માં રાજ સ્થાપ્યું તે પણ ઔરંગજેબે તોડયું.

(૩)નિજામશાહી રાજ અહમદનગરમાં ઈ. સ. ૧૪૯૦ માં સ્થાપ્યું તેમાં ચાંદબીબી અને વજીર મલિકંબર પ્રખ્યાત થયાં. તે રાજને શાહજહાંએ જીતી લીધું.

(૪)ઈમાદશાહી રાજ ઈલીચપુરમાં ઈ. ૧૪૮૮માં થયું તેને અહમદનગર વાળાએ જીત્યું.

(૫)બરીદશાહી બેદરમાં થયું તે ઔરંગજેબે જીતી લીધું એમ દક્ષિણના રાજાઓની મોગલ પાદશાહોએ આખર આણી

પ્રકરણ ૫ મું.

તાતારમાં માંગોલીઆ પ્રાંતના રહેવાસી માટે મોગલ.

મોગલ વંશ.

ઈ. સ. ૧૫૨૬–૧૮૫૮–૩૩૨

૧ બાબર.......................... ૧૫૨૬–૧૫૩૦–૪

૨ હુમાયું........................ ૧૫૩૦–૧૫૫૬–૨૬

૩ અકબર......................... ૧૫૫૬–૧૬૦૫–૪૯

૪ જહાંગીર.........................૧૬૦૫–૧૬૨૭–૨૨

૫ શાહજહાં........................૧૬૨૭–૧૬૫૮–૩૧
૬ ઔરંગઝેબ (આલમગીર)...... ૧૬૫૮–૧૭૦૭–૪૯
૭ બહાદુરશાહ (મો આઝમ)......૧૭૦૭–૧૭૧૨–૫
૮ જહાંદારશાહ.................... ૧૭૧૨–૧૭૧૩–૧
૯ ફરોકશિર........................ ૧૭૧૩–૧૭૧૯–૬
૧૦ મહંમૂદશાહ..................... ૧૭૧૯–૧૭૪૮–૨૯
૧૧ અહમદશાહ..................... ૧૭૪૮–૧૭૫૪–૬
૧૨ આલમગીર (૨)............... ૧૭૫૪–૧૭૫૯–૫
૧૩ શાહઆલમ.....................૧૭૫૯–૧૮૦૬–૪૭
૧૪ અકબર (૨)................... ૧૮૦૬–૧૮૩૭–૩૧
૧૫ મહમૂદ બહાદુરશાહ............ ૧૮૩૭–૧૮૫૮–૨૧

બાબર ઇ. સ. ૧૫૨૬–૧૫૩૦–૪

એ તૈમૂરના વંશનો છઠ્ઠો પુરૂષ હતો, આ વંશમાં ઘણા પ્રતાપી બાદશાહ થયા અને હિંદનું રાજ્ય સર્વોતમ પ્રખ્યાત કર્યું.

૧. બાબરે ઇબ્રાહીમને પાણીપતના મેદાનમાંમારી આગ્રા તથા દિલ્હી લીધાં અને દિલ્લીમાં તે ગાદીએ બેઠો. બીજા મોગલોની પેઠે હુમલો કરીને ચાલ્યા જવાની તેની મરજી નહોતી, કારણકે પોતાના દેશમાં ઉસ્બેક લોકોના બંડથી તે કંટાળી ગયો હતો.

૨. કાબુલથી આવેલા સરદારોને હિંદની હવા ગરમ લાગવા માંડી, તેથી તેઓએ રહેવાની નાખુશી બતાવી એટલે બાબરે કહ્યું કે જેઓને કાબુલ પાછા જવું હોય તે ખુશીથી જાઓ, હુંતો આદેશમાં સ્થીર રહેવાનો છઊં, તેથી ઘણા સરદારો ગયા નહીં.

૩. આ વખતે બંગાળા, બહાર, મેવાડ, ગુજરાત, દક્ષિણ વગેરે રાજ્યો સ્વતંત્ર હતાં, તેમાં બાબરે પ્રથમ મેવાડના રાજા સંગ સાથે ઈ. સ. ૧૫૨૭ માં ફતેપુર સીકરી આગળ જબરી લડાઈ કરી. સંગની મદદે ઘણા હિંદુ રાજાઓ આવ્યા હતા. લડાઇમાં બાબરની હારથઈ અને તેનો નાશ થવાની તૈયારી હતી, તેટલામાં બાબરે પોતાની ફોજના તમામ સરદારોને ભેગા કરી હિંમત આપી, અને એક વખત જબરી લડાઈ કરવાનું પ્રતિજ્ઞા સાથે વચન લીધું. ફરીને લડાઈ થઈ તેમાં બાબર જીત્યો. ત્યારપછી તેણે ચંદેરી તથા બંગાળા, બહાર, ને અયોધ્યા લઈ દિલ્લીનું રાજ વધાર્યું. વળી કાબુલ પ્રાંતતો તેના હાથમાં હતો, ત્યાંથી તેને લશ્કરની સારી મદદ મળતી.

૪. એવામાં તેનો મોટો દીકરો હુમાયું માંદો પડ્યો તેથી બાબરે હુંમાયુંના ખાટલાને પ્રદક્ષિણા ફરી ઈશ્વરને અરજ કરીકે મારૂં બાકી રહેલું આયુષ્ય મારા દીકરા હુમાયુંને આપજે, અને તેને બદલે મને ઉપાડી લેજે, તેથી એવું થયુંકે તે દહાડાથી બાબર માંદો પડ્યો અને હુંમાયું સાજો થતો ગયો; આખરે બાબરનો અંતકાળનો વખત પાસે આવ્યો. ત્યારે તેણે પોતાના સરદારો અને કુટુંબીઓને તેડાવી નીચે પ્રમાણે વચનો કહ્યાં.

મારા વહાલા સરદારો ! કાબુલથી આવી આપણે આ દેશ હાથ કર્યોછે અને તમે કાબુલમાં ન જતાં મને વળગી રહ્યાછો; તેવીજ રીતે મારા દીકરાઓની સાથે પણ સંપ રાખજો અને સુખ દુખમાં ભાગલેજો. તથા કુટુંબના માણસોને સંપ રાખવાની ભલામણ કરી. (આ બધાની

સાથે સરદાર શેરખાં પઠાણ પણ હતો, જેણે બાબરના મરણ પછી હુંમાયું પાસેથી રાજ લઈ લીધું હતું.)

પછી બાબર દિલ્લીમાં મરણ પામ્યો ઈ. ૧૫૩૦

બાબરને ફુલનો ઘણો શોખ હતો, તેથી તેને કાબુલમાં લઈ જઈ ફુલવાડીમાં દાટયોછે. આજપણ તેની કબર પાસે તેહેવારને દિવસે મેળો ભરાયછે. તેણે પોતાનું ચરિત્ર હાથે લખ્યુંછે. કુટુંબના માણસોપર તેને ઘણું હેત હતું. મુસાફરીમાં તો તે એટલો ચાલાક હતો કે બાર વર્ષની ઉમર પછી તેણે રમજાન મહિનો (રોજામહિનો) જે ગામમાં કર્યો ત્યાં ફરીને કર્યો નથી. તેને ૪ પુત્ર હતા હુમાયું, કામરાન, મીરજાઅસ્કરી, હિંદાલ.

હુમાયુ ઈ. સ. ૧૫૩૦–૧૫૫૬–૨૬ એ બાબરનો મોટો દીકરો થાય. તે દિલ્લીની ગાદીએ બેઠો ત્યારે તેનાભાઈ કામરાને કાબુલ કંદહાર તથા પંજાબનો કેટલોક ભાગ તાબે કરી કાબુલમાં રાજ કરવા માડયું; તેથી કાબુલમાંથી જે લસ્કરની ભરતી મળતી તે બંધ પડી. ને હિંદમાંથી નવું લસ્કર રાખવું પડયું.

૧. લોદી વંશના છેલ્લા બાદશાહ ઇબ્રાહીમના કાકા અલાઉદ્દીને બંડ કર્યું. તેને ગુજરાતના પાદશાહ બહાદૂરશાહે આશરો આપ્યો. હુંમાયુંએ ગુજરાત પર ચડાઈ કરી, બહાદૂરશાહને હરાવ્યો, તેથી અલાઉદ્દીન દીવબંદર નાસી ગયો, અને હુંમાયુંએ આવી ચાંપાનેર લીધું.

૨. બાબરની સાથે આવેલા શિરશાહ પઠાણે બંડ કર્યું. તે બહાર પ્રાંતના ચુનારગઢનો સુબો હતો. હુંમાયુંએ જઈને ચુનારગઢ લઈ લીધું.

એવામાં ચોમાસું બેઠું તેથી બકસર આગળ છાવણી નાંખી પડાવ કર્યો. શિરશાહે પાછળથી આવીને એકદમ છાપો માર્યો. હુંમાયુંની ફોજ નાશ પામીને તે હાર્યો, તેથી ઘોડે બેસી ગંગા નદી ઉતરતાં તેનો ઘોડો બુડી ગયો, અને પોતે મરવાની તૈયારીનાં હતો એવામાં એક પખાલી પખાલમાં હવા ભરી નદી ઉતરતો હતો તેણે હુંમાયુંને બચાવ્યો અને તે પખાલના આધારથી હુંમાયું સામે પાર ગયો. તેની સ્ત્રી શિરશાહને હાથ પકડાઈ. શિરશાહે માન સહીત હુંમાયું પાસે મોકલી દીધી ઈ. ૧૫૩૯.

પોતાના કુળમાંથી રાજ જવાના ડરથી તેના ભાઇઓએ સંપ કરી લશ્કર એકઠું કર્યું, અને ફરીથી હુંમાયું લડવાને આવ્યો. ગંગા નદી ઉપર કનોજ શેહેર પાસે ઈ. ૧૫૪૦ માં બીજી લડાઈ થઈ, તેમાં શિરશાહે હુંમાયુંને હરાવ્યો, તેનું લશ્કર માર્યું ગયું, અને હાથી ઉપરથી ગંગા નદીમાં પડતું મૂકી નાઠો, ત્યાંથી લાહોર ગયો, ત્યાં તેને આશરો નહીં મળવાથી ૭ સ્વારો સાથે સિંધમાં આવ્યો, ત્યાં ઉમરકોટના રાજાએ આશરો આપ્યો. આંહી પોતાના દીકરા અકબરનો જન્મ થયો ઈ. સ, ૧૫૪૨.

૩. સિંધમાંથી કાબુલ જવા માટે તે નીકળ્યો રસ્તામાં તે મુકામ કરી રહ્યો હતો, ત્યાં તેને ખબર મળ્યા કે પોતાને પકડવા સારૂ પોતાનો ભાઇ મીરજા અસ્કરી આવેછે, એટલે હુંમાયુંએ કબીલાને તથા વહાલા પુત્ર અકબરને પડતા મૂકી ઘોડાપર બેસી ઇરાન તરફ નાઠો, અને અકબરને માટે કહેતો ગયો કે તેના કાકાની મરજીમાં આવે તેમ કરે. પછી તરતજ ત્યાં મીરજા અસ્કરી આવ્યો અને અકબરને

પોતાને કબજે લઇ તથા બીજાં કુટુંબના માણસોને સાચવી આણી સારી પેઠે રાખ્યાં.

૪. હુંમાયું ઇરાન ગયો, ત્યાંના શાહ તહમ્સપે હુંમાયુંને સારો આવકાર આપ્યો, અને સુન્ની પંથ છોડી દઈ શીહા પંથ પાળવાની સરતે ૧૪ હજાર સ્વાર મદદમાં આપ્યા એટલી મદદ લઇને તે હિંદુસ્તાન તરફ પોતાનું રાજ પાછું લેવા આવ્યો.

પ્રથમ તેણે કાબુલ, કંદહારને પંજાબ લીધાં. એવામાં બધા ભાઇઓને પાછો સંપ થયો અને પોતાનો કુંવર અકબર તથા બધો કબીલો પાછો આવી મળ્યો, હુંમાયુંનો વજીર બેહેરામ હતો, તે પણ ફોજમાં સામીલ થયો અને લસ્કર લઈ દિલ્લી લેવા આવ્યા.

દિલ્લીની ગાદીએ શિરશાહ પઠાણના વંશનો ત્રીજો પાદશાહ આદિલશાહ રાજ કરતો હતો, તેની પાસેથી દિલ્લી લીધું ઇ. સ. ૧૫૫૬. દિલ્લીના રંગમેહેલની આરસ પહાણની નિસરણીથી લપસી પડતાં તે મરણ પામ્યો ઈ. સ. ૧૫૫૬ એ સોળ વર્ષ ઇરાન તરફ રખડયો હતો.

સુરકુળ.

ઈ. સ. ૧૫૪૦–૧૫૫૬–૧૬

૧ શિરશાહ..........................૧૫૪૦–૧૫૪૪–૪
૨ સલીમશાહ ....૧૫૪૪–૧૫૫૩—૯
૩ અદિલશાહ.......................૧૫૫૩–૧૫૫૬—૩

શિરશાહ

ઈ. સ. ૧૫૪૦–૧૫૪૪–૪

એણે કનોજની લડાઈમાં હુમાયુને હરાવી નસાડ્યો, અને પોતે દિલ્લી આવી ગાદીએ બેઠો, એવામાં બંગાળાના સુબાએ બંડ કર્યું તેને હરાવ્યો.

રાયસેનના કિલ્લેદારોને વચન આપી પાછળથી ક્રુરપણે માર્યા. એણે માળવા પ્રાંત પાછો જીતી લીધો.

ઈ. સ. ૧૫૪૪ માં મારવાડના રાજા માલદેવપર ચડાઈ કરી, તેમાં માલદેવને પોતાના સરદારનો ભરોસો ઉઠી જાય એવા ખોટા કાગળ બનાવી રાજાના વાંચવામાં આવે તેમ પહોંચાડ્યા, તેથી સરદાર ઘણો ગુસ્સે થયો અને શિરશાહ સાથે લડવાને ૧૨ હજાર રજપૂતો લઈ આવ્યો, લડાઈ થઈ તેમાં અંતે રજપૂત સરદાર મરણ પામ્યો અને શિરશાહ જીત્યો.

એણે ઈ. સ. ૧૫૪૪ માં કલિંજરને ઘેરો ઘાલ્યો, તેમાં દારૂખાનું સળગવાથી તે દાઝયો અને મરણ પામ્યો. એ ઘણો લોભી હતો તેથી અનીતિનાં કામ કરતો.

બંગાળેથી સિંધુ નદી સુધી સડક કરાવી અને ઝાડો રોપાવ્યાં, તથા કૂવા, વાવો, સદાવ્રત, મસીદો અને ધર્મશાળા બંધાવ્યાં; અને પોતાના મુલકનો સારો બંદોબસ્ત રાખ્યો. ઈ. સ. ૧૫૪૪.

સલીમશાહ.

ઈ. ૧૫૪૪–૧૫૫૩–૯ એ શિરશાહનો દીકરો થાય પોતાના બાપનું મેળવેલું રાજ એણે સારી રીતે સાચવ્યું. વળી હુમાયું જેવો મોટો દુસ્મન માથેછે એવું એના જાણવામાં હતુ, તેથી તે સાવધ રહેતો. એણે દિલ્લીમાં સલીમગઢ

બંધાવ્યો. ઈ. ૧૫૫૩ માં મરણ પામ્યો.

આદિલશાહ.

ઈ. સ. ૧૫૫૩–૧૫૫૬–૩ એ સલીમશાહનો ભાઈ થાય સલીમના બાળક છોકરાને મારી પોતે ગાદી ઉપર બેઠો. એ નબળો તથા જુલમી હતો, તેના વજીર હેમુના હાથમાં તમામ રાજ સત્તા હતી, તે વખતમાં ઘણાં બંડ થયાં તેમાં બંગાળાનું બંડ સમાવવા બાદશાહ તથા વજીર ગયા. એવામાં બાદશાહના કુટુંબી સિકંદરે આગ્રા તથા દિલ્લી લીધાં. આ લાગ જોઈને ઇરાનના બાદશાહની મદદ લઇ હુંમાયું આવ્યો, અને સિકંદર પાસેથી રાજ લઇ લીધું.

હુંમાયું તરતજ મરણ પામ્યો, અને અકબર ગાદીએ બેઠો, એટલે હેમુ બંગાળેથી જબરૂં લશ્કર લઈ આવ્યો. પાણીપતના મેદાનમાં ઈ. સ. ૧૫૫૬ માં લડાઈ થઈ, તેમાં હેમુ મરાયો અને આદિલી બંગાળા તરફ નાઠો ત્યાં તેનો નાશ થયો. ઈ. સ. ૧૫૫૬.

પ્રકરણ ૬ ઠું.

અકબર

૧૫૫૬–૧૬૦૫–૪૯ એ ગાદીએ બેઠો ત્યારે ૧૩ વર્ષનો હતો, તેથી તેનો કારભાર વજીર બેહેરામખાં ચલાવતો. એ વજીરને રાજ પીતા કહેતા. વજીર બેહેરામખાં આગળ અકબરનું કાંઈ ચાલતુ નહોતું, તેણે બાદશાહની મેહેરબાનીવાળા કેટલાક અમીરોને કાઢી મૂક્યા, અને કેટલાકને માર્યા. વળી તે અહંકારીને નિર્દય હતો, તેથી કંટાળીને અકબર છાનો માનો આગ્રેથી દિલ્હી નાસી ગયો. ત્યાં જઇ તેણે દુ-

વાઇ ફેરવી કે મારા વિના બીજા કોઇનો હુકમ માનવો નહીં, અને બેહેરામખાંને બરતરફીનો હુકમ મોકલ્યો, તેથી બેહેરામે બંડ કર્યું અને લશ્કર લઈ આગ્રા તરફ આવતો હતો તેને રસ્તામાં અકબરે હરાવ્યો ને પકડી લીધો, પણ જુનો નોકર જાણી દયા લાવી છોડી મુકયો.

બેહેરામ મક્કે જવા સારૂ નીકળ્યો, પણ ગુજરાતમાં કોઇએ તેને મારી નાંખ્યો.

બેહેરામનો જબરો આધાર ગયા પછી બધો રાજ કારભાર ચલવવાનું અકબરના માથે આવી પડ્યું. એના વખતમાં ૮ બનાવ બન્યા છે.

૧. બંડ—અકબરને બાળક સમજી તથા બેહેરામખાંનો નાશ થયો સમજી ઘણા સુબા સ્વતંત્ર થવા લાગ્યા.

(૧) ખાનજમાન નામે સુબાએ જુવાનપુરમાં બંડ કર્યું તેમાં તે માર્યો ગયો. (૨) આદમખાં માળવામાં સ્વતંત્ર થઈ ગયો હતો તેને મારી નાંખ્યો. (૩) અકબરના ભાઈ હકીમે બંડ કરી કાબુલ લીધું. (૪) ગુજરાતમાં મીરજાએ બંડ કર્યું તેને નસાડયો. (૫) અસોફખાંએ બુંદેલખંડમાં બંડ કર્યું તે બેસાડી દીધું. (૬) બંગાળાનું બંડ તેના સરદાર ટોડરમલે બેસાડી દીધું.

૨. રજપુતો સાથે લડાઇ—૧ જેપુરના રાજાસાથે લડાઇ થઇ તેમાં જેપુરની હાર થઇ. પાછળથી પ્રીતિ મેળવવામાટે તેની કન્યા અકબર પરણ્યો અને ત્યાંના રાજા ભગવાનદાશને મોટી નોકરી આપી તથા પોતાના સાળા માનસિંહને કાબુલનો મોટો હાકેમ બનાવ્યો, સગપણને લીધે હિંદુને મોટી નોકરી મળતી, તેમાં મુસલમાન અમીરો

જરાપણ દ્વેષ લાવતા નહીં, તેમજ મોટી નોકરી આપવાનો ચાલ અકબ્બરના વખતથી શરૂ થયો.

૨ બાબ્બરના દુશ્મન સંગનો દીકરો ઉદેસંગ ચીતોડમાં રાજ કરતો હતો, તેની સાથે અકબ્બરને ઘણી લડાઇઓ થઇ, તેમાં છેલ્લી લડાઇમાં ઉદેશંગ નાસી ગયો પણ સરદાર જયમલે જબરી ટક્કર લીધી. અકબરે તેને પોતાને હાથે ગોળી વતી માર્યો તેથી તેની સાથેના ૮ હજાર રજપૂતો સૂરથી લડ્યા તેમાં એકે એકનો જીવ ગયો અને ચિત્તોડ ઉજડ થયું. એ ઉદેસંગના નામપરથી તેના દીકરા પ્રતાપસંગે ઉદેપુર વસાવ્યું.

અકબ્બરે તેની કન્યાની માગણી કરી પણ તેણે આપી નહીં તેથી હજુ પણ ઉદેપુરના રાણા રજપૂત કુળમાં સર્વથી ઊંચા ગણાયછે.

૩ જોધપુરના રાજા માલદેવને નમાવી તેની કુંવરી અકબ્બર પરણ્યો, અને જોધપુરના રાજાને પોતાના રાજમાં મોટી નોકરી આપી એમ સગપણને લીધે રજપૂતો પાસેથી જબરી મદદ મેળવી.

૩. જીતેલાં રાજ્યો—૧ ઇ. સ. ૧૫૭૨ માં માળવા તાબે કર્યો. ૨ ઈ. સ. ૧૫૭૩ માં ગુજરાતના પાદશાહ મુજફ્ફર ત્રીજાને હરાવી ગુજરાત પ્રાંત દિલ્લીના રાજમાં ભેળવી દીધો આ ગુજરાત પ્રાંત મહંમદ તઘલખના વખતથી સ્વતંત્ર હતો ૩ ઈ. સ. ૧૫૭૬ માં બંગાળાપ્રાંત ટોડરમલ તથા માનસિંહે તાબે કરી લીધો. ૪ ઈ. ૧૫૯૨ માં કાસ્મીર જીતી લીધો. ૫ અકબ્બરનો ભાઇ હકીમ મરણ પામવાથી કાબુલ પ્રાંત દિલ્લીના તાબે આવ્યો. ૬ ઇ. ૧૫૯૨ માં સિંધ તથા કં-

કંદહાર જીતી લીધાં. વળી એના સરદાર માનસિંહે ઓડીયા પ્રાંત પણ જીતી લીધો, એમ ઉત્તર હિંદુસ્તાન દિલ્લીના તાબે થયો.

૪. યુસફઝી લોકપર સ્વારી—પેશાવરની પાસેના મુલકમાં યુસફઝી લોક રહેતા હતા. તેમને જીતવા માટે પોતાના ભાઈ જેનખાંને તથા સરદાર બીરબલને મોકલ્યા, આ પહાડી લોકો નિરોગીને જબરા હતા, વળી જેનખાં તથા બીરબલને અણબનાવ હતો અને રસ્તાના પણ પૂરા માહીતગાર નહોતા, તેથી પર્વતના કોતરમાં રસ્તો હતો તે માર્ગે ચાલ્યા, અને પોતાના પર શત્રુ હુમલો કરશે તેના બચાવની પણ તૈયારી કરી નહીં. આગળ ચાલતા યુસફઝી લોકોએ તેમને ચોતરફથી ઘેરી લીધા, તેમાં બીરબલ માર્યો ગયો અને જેનખાં નાસીને અટકને કિલ્લે ગયો ત્યાંથી તે દિલ્લી ગયો. પાછળથી ટોડરમલ તથા માનસિંહને મોકલ્યા, તેમણે આ પહાડી લોકોને વશ કર્યા.

૫. દક્ષિણ પર સ્વારી—દક્ષિણમાં અહમદનગરનાં રાજ માટે ચાર જણ લડતા હતા, તેમાંના એકે અકબરની મદદ માગી, તેથી અકબરે પોતાના શાહજાદા મુરાદને લસ્કર લઈ મોકલ્યો મુરાદે આવી અહમદનગરને ઘેરો ઘાલ્યો પણ સામી લડનાર ચાંદબીબી કાંઇ કાચી નહોતી, જે વખતે મોગલ લોકોએ કોટ તોડયો તે વખતે ચાંદબીબીએ જવાહીર પહેરી તથા મોંપર બુરખો નાંખી ને ફોજને મોખરે આવી, પોતાના લસ્કરને હિંમત આપી મોગલોને હટાવ્યા, અને તે એટલે સુધી લડી કે જ્યારે પોતાની પાસે ગોળા ખુટયા, ત્યારે ત્રાંબુ, રૂપુ ને સોનું તોપમાં નાંખીને

ઉશ્કેરવા માંડ્યું, બીજે દિવસે જબરી લડાઈ થવાની હતી, તે પહેલાં ચાંદબીબીએ સલાહ કરવાને મુરાદને કહાવ્યું. મુરાદે હા કહી, તેથી વરાડ પ્રાંત મુરાદને આપ્યો તે લઇ મુરાદ ચાલતો થયો. પાછળથી વરાડ પ્રાંતના સીમાડા બાબત તકરાર થયો તે વખતે અકબર લશ્કર લઇને ઇ. સ. ૧૫૯૯માં અહમદનગર આવ્યો, તેવામાં ચાંદબીબીને તેના કોઇ વેરીએ મારી નાંખી. અકબરે અહમદનગર જીત્યું પણ તેના કબજામાં રહ્યું નહીં.

વળી ખાનદેશ જીતી પોતાના દીકરા દાનીઆલને ત્યાંનો સુબો ઠરાવ્યો, તેમજ દક્ષિણના વિજાપુરના રાજાએ પોતાની કન્યા દાનીઆલને પરણાવી.

૬. કુટુંબનું દુઃખ—પોતાના દીકરા સલીમ(જહાંગીર) ની બદચાલને લીધે અકબરને દક્ષિણથી પાછા જવું પડ્યું એ શાહજાદાને દારૂ પીવાનું વ્યસન હતું. અકબરે તેની ચાલ સુધરવા માટે ઘણા ઉપાય કર્યા, પણ તે સુધર્યો નહીં તેથી તેને અલ્હાબાદમાં રહેવા ફરમાવ્યું, ત્યાં એક ગુન્હેગારની જીવતાં ચાંમડી ઉતરડી નંખાવી, અને ઘણાં દુષ્ટ કર્મો કરવા લાગ્યો.

વળી એવામાં અકબરની મા હમીદા મરણ પામી તથા તેના દીકરા દાનીઆલ અને મુરાદ દારૂના વ્યસનથી મરણ પામ્યા, એમ કુટુંબના માણસોના મરણ અને છોકરાઓના અસંતોષને લીધે અકબરને ઘણી દીલગીરી થઇ.

૭. સુધારા—અકબરે મુલકનો સારો બંદોબસ્ત રાખ્યો રાજ્યના વિભાગ કરી દરેક ભાગમાં સુબો નીમ્યો. એરીતે તેના રાજમાં ૧૫ સુબા હતા.

જમીનની ત્રણ પ્રત તેના પ્રધાન ટોડરમલે બાંધી ૧ સરખામાપથી બધી જમીન મપાવી. ૨ ઉપજમાંથી ત્રીજા ભાગના ધણી સરકારને ઠરાવ્યા. અને દરવરસે ભાગ લેવાનો આંકડો ઠરાવી દશ વરસની બંધણી કરી, કે ખેડુ લોક ખેતર સુધારી પાક વધારે તો તેનો નફો ખેડુતને મળે. વળી દુકાળ પડે કે માઠું વરસ હોયતો છુટ મૂકતા.

૩. ઉપજમાંથી ખેડુત દાણો આપે કે રૂપીયા આપે તે લેવાની છુટ હતી. તેના વખતમાં ખેડુ લોક વધારે સુખી હતા.

હિંદુ તથા મુસલમાન વચ્ચે ભેદ ગણ્યો નહીં, તેમજ હિંદુને મોટી મોટી નોકરી આપી, તથા હિંદુ પાસેથી જે માથાવેરો લેવાતો તે બંધ કર્યો, અને હિંદુ જાત્રાળુ પાસેથી લેવાતો કર માફ કર્યો.

પુનર્લગ્ન કરવાની છુટ આપી, અને બાળલગ્ન કરવાની બંધી કરી. ધણીની પાછળ સ્ત્રીને પરાણે સતી કરતા તે ચાલ બંધ કરી. જુલમી સજા રદ કરી, ગુલામ વેચવાની બંધી કરી, વળી ધર્મબાબત કોઇપર જુલમ કર્યો નહીં, જેની જે. મરજી હોય તે, ધર્મ પાળે.

ધર્મ બાબત તેણે સારી પેઠે શોધન કર્યું, તેના વખતમાં મુસલમાન, વેદ, જૈન, ખ્રિસ્તિ વગેરે ધર્મના લોકોની સભા થતી હતી.

તેના રાજની પેદાશ ૪૨ કરોડ રૂપીયા હતી.

૮. કામદારો—અકબરના વખતમાં ઘણા વિદ્વાન અને બુદ્ધિવાન કામદારો હતા. અબુલફજલ કરીને તેનો વજીર ઘણો હુશિયાર હતો. તેણે આઇને અકબર એટલે અકબરના

કાયદાનું પુસ્તક બનાવ્યું છે. ટોડરમલ તેણે જમાબંદીની રીત બાંધીછે. તથા માનસિંહ, બીરબલ, જેનખાંએ બહાદૂર લશ્કરી સરદારો હતા.

ફૈજી એ અબુલફજલનો ભાઈ હતો, તેણે મહાભારત રામાયણ બૈબલ વગેરેનો ફારસીમાં તરજુમો કર્યો છે. વળી જગન્નાથ પંડિત, તાનસેન ગવૈયો, ગંગ કવિ, વગેરે માણુસો તેના રાજમાં પ્રખ્યાત થઈ ગયાછે.

આ મહાન બાદશાહનું પ્રતાપી રાજ રૂડી રીતે ચાલ્યું, પરંતુ પાછલા કાળમાં કુટુંબના માણસોના મરણ અને પુત્રના બળાપાથી અકબરનું શરીર ઘસાવા લાગ્યું, અંતે તેને ભારે મંદવાડ શરૂ થયો, અને સર્વજાણે જીવવાની આશા છોડી, અકબરે અંતકાળને વખતે તમામ અમીરોને ભેગા કર્યા. આ વખતે શાહજાદો સલીમ (જહાંગીર) માત્ર એકજ દીકરો જીવતો હતો, તેને બોલાવી પોતાની તરવાર બંધાવી, અને તમામ અમીરોને પોતાના દીકરા જહાંગીરને મદદ કરવાની ભલામણ કરી, સર્વની પાસે માફી માગી, મુસલમાની રીત પ્રમાણે નિમાજ પઢી પોતે મરણ પામ્યો ઇ. સ. ૧૬૦૫.

અકબર સૂરવીર, ચંચળ બુદ્ધિવાન, નીતિવાન ને સાદો હતો, તેની રૈયત સુખી હતી, વળી તે માયાળુ તથા દયાળુ બાદશાહ હતો.

અકબર રૂપાળો તથા કદે ઉંચો હતો, અને શિકારનો શોખી હતો, પોતે સંસ્કૃત, ફારસીને હિંદીભાષા જાણતો, એણે આગ્રામાં રાતા પથ્થરનો કિલ્લો બંધાવ્યોછે, તમામ મુસલમાની બાદશાહોમાં અકબર સર્વથી શ્રેષ્ટ ગણાયછે, તેના મરણથી તમામ રૈયતને દીલગીરી થઇ, એ વખતે ઈ-

ગ્લાંડમાં ઇલીઝા બેથ રાણી રાજ કરતી હતી.

જહાંગીર ઈ. ૧૬૦૫–૧૬૨૭–૨૨

સીલીમે પોતાનું નામ જહાંગીર એટલે દુનિયા જીતનાર પાડી પોતે ગાદી ઉપર બેઠો.

૧ ઇરાની લોકોએ તેની પાસેથી કંદહાર જીતી લીધું. પોતાના દીકરા ખુશરૂસાથે એને મૂળથીજ અણબનાવ હતો. જહાંગીર ગાદીએ બેઠો એવામાં ખુશરૂએ બંડ કર્યું; તેથી ખુશરૂને અને તેના સાથીઓને મારી નાંખ્યાં.

૨ દક્ષિણમાં અહમદનગરના રાજ્યમાં મલિકંબર વજીર હતો, તે સ્વતંત્ર પણે કામ કરતો હતો, તેની સામે લડવાને જહાંગીરે ફોજ મોકલી, પણ જીતી નહીં, તેથી જહાંગીરે દક્ષિણ તાબે કરવાની ભારે તૈયારી કરી, એ મલિકંબરે ટોડરમલની પેઠે દક્ષિણમાં વીઘોટીની રીત બાંધી હતી.

૩ ઉદેપુરના હઠીલારાણાને તાબે કરવાને પોતાના દીકરા ખુરમને મોકલ્યો, એ વખતે ઉદેપુરની ગાદીએ પ્રતાપસિંહનો પુત્ર અમરસિંહ હતો, તેને ઇ. સ. ૧૬૧૪ માં હરાવ્યો, તેથી બાદશાહે ખુશી થઇને ખુરમને શાહનો ખેતાબ આપ્યો, તેથી તે શાહજહાં કહેવાયો.

૩ શાહજહાંને જબરી ફોજ આપી દક્ષિણ જીતવા મોકલ્યો, તેણે અહમદનગરના વજીર મલિકંબરને નમાવ્યો, તથા અહમદનગર, ગોવળકોંડા, અને વિજાપુરના રાજા પાસેથી ખંડણી આપવાની કબુલત લીધી.

૪ **નુરજહાં**—કોઈ ઇરાની અમીરને નૂરજહાં કરીને રૂપાળી દીકરી હતી, તે જ્યારે નાની હતી ત્યારે તેના માબાપ કાબુલ તરફથી આવતાં રસ્તામાં ભૂખ મરાથી પોતાની દી-

કરીને મારી નાખવાની તૈયારીમાં હતાં, તેવામાં તે રસ્તેથી એક વેપારી મુસાફર નીકળ્યો, તેની નજરે પડતાં નૂરજહાંને બચાવી લીધી, અને નૂરજહાંની માને ધાવ તરીકે નોકર રાખી, તેઓ બધાં આગ્રે આવ્યાં.

જ્યારે નૂરજહાં મોટી થતી ગઇ, ત્યારે તેનું રૂપ ખીલતુ ગયું. આ વખતે અકબર પાદશાહ હતો તેના જનાન ખાનામાં નુંરજહાં જતી આવતી થઈ. અકબરના દીકરા જહાંગીરે તેની સાથે લગ્ન કરવાની ખુશી બતાવી, પણ તે હલકા કુળની હતી માટે અકબરે ના કહી, અને શેર અફગાનને પરણાવી બંગાળે મોકલી દીધી.

જ્યારે અકબર ગુજરી ગયો અને જહાંગીર પાદશાહ થયો, ત્યારે શેર અફગાનને મારી નાંખી જહાંગીર નુરજહાંને પરણ્યો. ઇ. સ. ૧૬૧૧.

નુરજહાંએ પોતાના ભાઇ અસોફખાંને મોટી સરદારી અપાવી, તથા પોતાના બાપને મુખ્ય વજીર બનાવ્યો, એ ત્રણે ઘણાં હોંશિયાર હતાં, તેથી રાજ ઠીક ચાલ્યું. વળી જહાંગીર ઘણો દારૂપીતો, તથા જુલમી સજા કરતો, તે તમામ નુરજહાં એ બંધ કરાવ્યું. નુરજહાંના આગલા ધણીથી થએલી દીકરીને જહાંગીરના બીજા દીકરા શહરીયાર સાથે પરણાવી હતી, તેથી તેને રાજ અપાવવાની મતલબથી વડા શાહજાદા શાહજહાં ઉપર તે છુપું વેર રાખતીહતી.

ઇરાની લોકોએ કંદહાર જીતી લીધું હતું, તે પાછું લેવાને શાહજહાં પર નુરજહાંએ હુકમ લખાવ્યો હતો, પણ તેણે ઇરાની સાથે લડવા જવાની ના કહી, તેથી શાહજહાંને પકડવામાટે ફોજ મોકલી, એટલે શાહજહાં બંગાળે

નાસી ગયો અને પાછળથી દક્ષિણમાં આવી વજીર મલિકંબર સાથે મળી લશ્કરની તૈયારી કરવા માંડી.

૫ સરટામસરો નામે વકીલ ઈ. સ. ૧૬૧૫ માં ઈંગ્લાંડના પહેલા જેમ્સ બાદશાહ તરફથી ઇંગ્રેજ લોકોને હિંદુસ્તાનમાં વેપાર કરવાની પરવાનગી લેવામાટે આવ્યો, તે સુરત તથા બુરાનપૂર અને અજમેરને રસ્તે જહાંગીરના દરબારમાં આગ્રે ગયો, અને જ્યારે નુરજહાંના ભાઈ અસોફખાંને ભારે કીંમતનું મોતી આપ્યુ, ત્યારે બાદશાહની મુલાકાત થઈ.

સરટામસરો લખેછે કે બાદશાહી વૈભવ ઘણો જબરો હતો, અને તેના સિપાઇઓ સુસ્ત હતા, રાજધાની આગ્રામાં હતી, દરબારમાં એક ઘંટ લટકાવ્યો હતો, તેની સાંકળ દરવાજા બહાર હતી, તે તાણવાથી ઘંટનો અવાજ થતો, તે બાદશાહ સાંભળતો, એટલે અરજદારને બોલાવી ઇનસાફ કરતો. પોતાની રૈયતને દારૂ પીવાની મના કરી હતી, પણ પોતે પીતો હતો, રાતને વખતે ઘણો નિસ્સો કરતો, અને પોતાની સાથેના માણસોમાંથી અથવા બીજા કોઈ માણસો તેના રાતના નિસ્સાની કે દુરાચરણની વાત સવારમાં બહાર કરે તેને ફટકા મારતો.

તેના વખતમાં તમાકુ પીવાનો ચાલ શરૂ થયો હતો, તેમજ તમાકુ, બટાટા અને મકાઇ તેના વખતમાં હિંદમાં નવાં આવ્યાં હતા. સર ટામસરોની અરજ ઉપરથી ઇંગ્રેજોને હિંદમાં વેપાર કરવાની છુટ આપી હતી.

૬ જહાંગીરના રાજમાં મોહબતખાં કરીને જબરો સરદાર હતો, તેનું વધારે જોર જોઇને રાજ દબાવી પડશે

એવા ડરથી નુરજહાંએ તેનાપર તહોમત મૂક્યાં, અને તેનો જવાબ દેવાસારૂ બાદશાહે પોતાની હજૂરમાં બોલાવ્યો. મોહોબતખાં ઘણો બહાદૂર હતો, તે પાંચહજાર રજપૂતો લઇને પંજાબ તરફ પાદશાહની હજુરમાં જવા નીકળ્યો. જે વખતે જહાંગીર ઝેલમ નદી ઉતરતો હતો, તે વખતે તેનાપર ધસારો કર્યો, અને બાદશાહને પકડી લીધો નુરજહાં પણ બાદશાહની સાથે કેદમાં રહી, તેમજ મોહબતખાં જહાંગીર બાદશાહના નામે કારભાર ચલવવા લાગ્યો, એવામાં લશ્કરની કવાયદ કરાવતાં આગળથી ગોઠવણ કરી રાખ્યા મુજબ જહાંગીર તથા નુરજહાં નાશીગયાં. એટલે ભયથી મોહોબતખાં નાસીને દક્ષિણમાં શાહજહાંને મળી ગયો.

ત્યાંથી જહાંગીર કાશ્મીરમાં ગયો, ત્યાં ઇ. સ. ૧૬૨૭ મા મરણ પામ્યો. તેને ૪ પુત્ર હતા—ખુશરૂ, શાહજહાં, શહરીયાર, પરવીઝ તેમાં બીજો અને ત્રીજો જીવતા હતા.

શાહજહાં.

ઇ. સ. ૧૬૨૭–૧૬૫૮–૩૧ એ જહાંગીરનો દીકરો થાય. જ્યારે જહાંગીર કાશ્મીરમાં મરણ પામ્યો ત્યારે શાહજહાં દક્ષિણમાં હતો, તોપણ નુરજહાંના ભાઇ અસોફજહાંએ શાહજહાંના નામની દુવાઇ ફેરવી, ને નુરજહાંને કેદ કરી, તથા શાહજાદા શહરીયારને મારી નાંખ્યો.

૧ શાહજહાં દક્ષિણમાંથી તરત આગ્રે આવ્યો, ત્યારે તો તમામ શાન્ત થએલું તેના જોવામાં આવ્યું, તેથી તેણે અસોફજહાંને મોટી પદવી આપી અને મહોબતખાંની પણ આબરૂ વધારી. ગાદીને માટે કોઇ હરકત કરે નહીં માટે બાબરના કુળના તમામ શાહ જાદાને મારી નંખા-

વ્યા અને નુરજહાંના પક્ષના માણસોનો ઘાત કરાવ્યો.

૨ દક્ષિણના સૂબા ખાનજહાન લોદીએ બંડ કર્યું; પણ પાછળથી તેણે માફ માગવાથી તેના બદલી માળવામાં કરી, ત્યાં પણ તેણે બંડ કર્યું; એટલે પાદશાહી ફોજે દક્ષિણમાં નસાડયો, ત્યાં અહમદ નગરના રાજાએ મદદ કરી તેથી શાહજહાંએ અહમદનગર જીતવા લશ્કર મોકલ્યું, અને પાછળથી પોતે દક્ષિણમાં જઈ અહમદનગર જીતી લીધું. ઈ. સ. ૧૬૩૭.

૩ ગોવળકોંડા તથા વિજાપુર પાસેથી ખંડણી લીધી. તેના વખતમાં વધારે લડાઇ બખેડા થયા નથી અને રાજ શાન્તીથી ચાલ્યું. વળી તેણે ઘણી સરસ ઇમારતો બાંધીછે, જેમાંની આજે પણ વખણાયછે.

૪ આગ્રામાં તેણે પોતાની બેગમ મુમતાજ મહલનો રોજો આરસ પહાણથી બાંધ્યોછે, તેને તાજ મહેલ કહેછે. આ રોજો આખી દુનિઆમાં વખણાયછે. વળી આગ્રામાં સુંદર મસ્જીદ બંધાવી. તે આગ્રાથી દિલ્લીમાં રાજધાની લઇ ગયો, અને ત્યાં સુંદર મકાનો બંધાવી શોભાયમાન શેહેર કર્યું. જુમામસીદ અને મેહેલ આજેપણ દિલ્લીમાં શોભી રહ્યાછે.

૫ મોરાસન નામે તખ્ત સોના અને જવાહીરથી બનાવ્યું, તેની આકૃતિ સુંદર મોરના ઘાટની હતી, તેની કીંમત ૬॥ કરોડ રૂપીયા હતી.

૬ શાહજહાને ૪ કુમાર હતા દારા, સુજા, ઓરંગજેબ. મુરાદ, તેમાં મોટો દીકરો દારા તેના બાપ પાસે દિલ્લીમાં રહેતો, સુજા બંગાળાનો સુબેદાર હતો, ઔરંગજેબ દક્ષિ-

ણનો સુબો હતો, અને મુરાદ ગુજરાતમાં સુબો હતો. બાદશાહ આ ત્રણે શાહજાદાને મુલક સાચવવા તથા યુદ્ધમાં વખતો વખત મોકલતો.

ઇ. સ. ૧૬૫૭ માં શાહજહાં મરણ તોલ માંદો પડ્યો, એટલે ચારે શાહજાદાઓને રાજ લેવાનો લોભ થયો. સુજા બંગાળેથી લશ્કર લઈ આવ્યો, તેને દારાએ કાશી આગળ હરાવ્યો.

ત્રીજો ભાઈ ઓરંગજેબ દક્ષિણમાં રહી છુપુ લશ્કર એકઠું કરતો હતો, તેણે જાણ્યું કે દારા તથા સુજા અંદર અંદર વઢી નબળા પડે, એટલે આપણું જોર ફાવશે. વળી તેણે દક્ષિણમાં ગોવળકોંડા વગેરે રાજની પણ મદદ લીધી અને પોતાના ભાઈ મુરાદને કપટ ભરેલો કાગળ લખ્યોકે મારે મક્કે જઇ બાકીનું આયુષ્ય પૂરૂં કરવુંછે, અને આપણા બધા ભાઇઓમાં ગાદીને લાયક તું છે, માટે તારી મરજી હોયતો આપણા બંને લશ્કર એકઠાં કરી દિલ્લી જઇએ, અને ત્યાં જઈ તને ગાદીપર બેસાડું. ભોળા મુરાદે હા કહી, તેથી ઓરંગજેબ જબર લશ્કર લઇ ગુજરાત તરફ આવ્યો. મુરાદ પણ લશ્કર લઇ તેને મળ્યો, અને બંને ભાઇઓ આગળ ચાલ્યા, તેમાં ઉજ્જન આગળ દારાનો સસરો જસવતસિંહ લડવા આવ્યો. રજપૂતો બહાદૂરીથી લડ્યા પણ અંતે જસવતસિંહ હાર્યો.

આગળ ચાલતાં આગ્રાના મેદાનમાં દારા અને ઔરંગજેબની ફોજ સામસામે થઈ ઇ. સ. ૧૬૫૭.

આગ્રાના મેદાનમાં ભારે લડાઇ ચાલતી હતી એવામાં દારાના હાથીને સળગતો ટેટો લાગ્યો તેથી હાથીપરથી

દારા ઉતરી ગયો એટલે લશ્કરના માણસોએ તેને મુએલો ધાર્યો, અને ભય પામી લશ્કર નાહું, તેની સાથે દારાપણ નાઠો. અને ઓરંગજેબનો જય થયો, તેથી ઔરંગજેબ અને મુરાદે આગ્રાના મેદાનમાં ઇશ્વર પ્રાર્થના કરી. ત્યારપછી તેમણે દિલ્લી લીધું, આ વખતે શાહજહાંતો સાજો થઇ રાજકારભાર ચલાવતો હતો, તોપણ ઔરંગજેબે તેને દિલ્લીના સલીમ ગઢમાં કેદ કર્યો અને દારા નાસી ગયો.

ઔરંગજેબ ઘણો કપટી હતો, તેણે પોતાના ભાઇ મુરાદને ઘણો નિસ્સો કરાવ્યો, અને તે જ્યારે બેભાન થયો ત્યારે તેને પકડીને કેદ કરી લીધો, અને પોતે ગાદીએ બે. ઠો. ઇ. સ. ૧૬૫૮.

ઔરંગજેબ.

ઇ. સ. ૧૬૫૮–૧૭૦૭–૪૯ એને આલમગીર પણ કહેછે. એ શાહજહાંનો ત્રીજો દીકરો હતો, બાદશાહ થયા પછી વડાભાઇ દારા તથા સુજાનો તેને ડર હતો.

૧ ભાઇઓ વગેરેના ખુન–દારા નાસીને લાહોર ગયો, ત્યાંથી સિંધ થઇ ગુજરાત ગયો અને ફોજ એકઠી કરી અજમેર આગળ ઔરંગજેબ સામે લડાઇ કરી, તેમાં દારા હાર્યો એટલે સિંધમાં નાઠો ત્યાં તેની સ્ત્રી ગુજરી ગઈ, અને એક તાલુકદારે દગાથી પકડી ઓરંગજેબ તરફ મોકલી દીધો. ઔરંગજેબે તેની ફજેતી કરી બંધીખાનામાં મરાવી નંખાવ્યો.

સુજા લશ્કર લઇ બંગાળેથી આવ્યો તેને અલ્હાબાદ આગળ હરાવ્યો, તેથી તે આરાકાનમાં નાસી ગયો ત્યાં તેનો નાશ થયો.

દારાના દીકરા સુલેમાનને તથા પોતાના ભાઈ મુરાદને બંદીખાનામાં મારી નંખાવ્યા એમ ઔરંગજેબે પોતાના ભાઈ ભત્રીજાઓનાં ખુન કરાવ્યાં તેથી શાહજહાંને ઘણું માઠું લાગ્યું, અને બંદીખાનામાંજ ઘણું દુઃખ સહન કરી ઈ. સ. ૧૬૬૬ માં તે મરણ પામ્યો.

૨ **હિંદુપર જુલમ**—૧ હિંદુને વટલાવી બળાત્કારે મુસલમાન કરવાનો ચાલ શરૂ કર્યો.

૨ ધર્મ સંબંધી હિંદુના વરઘોડા બંધ કર્યા.

૩ હિંદુ જાત્રા ભરાય તેને માથે વેરો ઠરાવ્યો.

૪ કેટલાક કર મુસલમાન કરતાં હિંદુ પાસેથી બમણા લેવા માંડયા. ૫ હિંદુને સરકારી નોકરીમાં નહીં રાખવા હુકમ ફરમાવ્યો. ૬ હિંદુ પાસેથી જજીઆ વેરો લેવો શરૂ કર્યો, આ વેરાની અરજ કરવા દિલ્લીના લોકો સ્વારી વખતે બાદશાહ આગળ ગયા. ત્યારે પોતાના હાથીના પગતળે કચરાવી નંખાવી ઘણાના પ્રાણ લીધા, ૭ નારોળ ગામના સતનરામી લોકોએ સરકારી કોઈ સિપાઈ સાથે કજીઓ કર્યો તેમનો નાશ કરવા માટે બાદશાહે લસ્કરી ટુકડી મોકલી પરંતુ સતનરામી પંથના લોકોએ સામા થઈ ટુકડીને હરાવી તેથી બાદશાહ પડે લસ્કર લઈ ગયો અને તે પંથના લોકો તથા તેમને મદદ કરનાર ને ક્રુર રીતે મારી નાંખ્યા અને હિંદુને સરકારી નોકરીમાંથી દૂર કર્યા.

૩ **રજપૂતો સાથે કુસંપ**—જજીઆવેરાથી તથા બીજા કેટલાક જુલમથી રજપૂત લોકોનાં મન ખાટાં થયાં જોધપુરનો રાજા જસવતસિંહ કાબુલમાં સૂબો હતો તેણે ઔરંગજેબને શીખામણ દીધી કે ધર્મ વિરોધ કરોમાં પણ બાદશાહે કાંઇ માન્યું નહીં, અને ઉલટો છાનો દ્વેષ રાખવા

લાગ્યો. જ્યારે જસવતસિંહ કાબુલમાં મરણ પામ્યો ત્યારે તેના બૈરાં છોકરાં કાબુલથી પોતાને દેશ જતાં હતાં તેમને રસ્તામાં દિલ્લી આગળ પકડી પાડવાને બાદશાહે પ્રયત્ન કર્યો, પણ રજપૂતો એ તદબીરથી ઉગાર્યાં આથી રજપૂતો સાથે લાડવેર બંધાયું, તેમાં રજપૂતોનો મુખ્ય આગેવાન ઉદે-પુરનો રાણો રાજસિંહ હતો.

બાદશાહે રજપૂતો ઉપર ઘણી વખત લશ્કર મોકલ્યું અને છેવટ પોતે ભારે લશ્કર લઇ આવ્યો, ઘણી લડાઇઓ થઇ અને તેમાં મુલક ઉજડ થયો, તથા ભારે કેર કર્યો, આથી રજપૂતો તરફનો જે દિલ્લીની બાદશાહીને અકબરથી માંડીને આજ સુધી જબરો ટેકો હતો તે નાશ પામ્યો.

તેનો શાહજાદો અકબર રજપૂતો સાથે મળી ગયો, પરંતુ ઈ. સ, ૧૬૮૦ માં તેનું લશ્કર તેને છોડી ગયાથી તે દક્ષિણમાં મરાઠાના પક્ષમાં ગયો. એમ રજપૂતો સાથે લડાઇ ચાલતી હતી, તેવામાં દક્ષિણમાં મરેઠા લોકો જોરપર આવ્યા હતા.

૪ દક્ષિણપર સ્વારી—ઔરંગજેબે દક્ષિણ જીતવા જબરૂં લશ્કર મોકલ્યું. દક્ષિણમાં અહમદનગરનું રાજ શાહજહાંએ તાબે કરી લીધું હતુ, પરંતુ વિજાપુર તથા ગોવળકોંડા હજુ તાબે થયા નહોતા, તેવામાં મરેઠાઓ મુસલમાની રાજ તોડવા મંડ્યા.

શિવાજી—દક્ષિણમાં અહમદનગરના રાજમાં માલોજી કરીને મરેઠી સરદાર હતો, એ માલોજીને સારી નોકરી કર્યા બદલ પુનાની પાસે જાગીર આપી હતી, તેને શાહજી કરીને દીકરો હતો તે દક્ષિણમાં વિજાપુરના બાદશાહની નોકરીમાં હતો, તેને તંજાવર પ્રાંતમાં જાગીર મળી હતી, વળી વિ-

જાપુરના રાજમાં બીજો મરેઠી સરદાર જાદવરાય કરીને હતો, તેને જીજીબાઇ કરીને દીકરી હતી, તે શાહજીને પરણાવી, એથી શિવાજી ઉત્પન્ન થયો. ઇ. સ. ૧૬૨૭

શિવાજી નાનો હતો ત્યારે પુનાની પાસેની જાગીરમાં પોતાની મા પાસે રહેતો, અને દાદાજી કોંડદેવ નામે બ્રાહ્મણ તેનું રક્ષણ કરતો હતો, તથા તેનો બાપ શાહજી નવી જાગીર તંજાવર પ્રાંતમાં હતી ત્યાં રહેતો. શિવાજીનો ઓરમાન ભાઇ વ્યંકાજી શાહજીની સાથે હતો.

શિવાજી નાનપણમાં કાંઈ ભણ્યો નહોતો. પણ તીર તરવાર વગેરે હથીયારના કામમાં હુશિયાર હતો, તેથી તે મોટો થયો ત્યારે મરેઠાની લૂટારૂ ટોળી એકઠી કરી, અને કેટલાક કિલ્લા કબજે કર્યા, અને લશ્કર વધારી તેના બળવડે વિજાપુરનો કેટલોક મુલક દબાવ્યો તેથી વિજાપુરના રાજાએ તેના બાપ શાહજીને કેદ કર્યો. શિવાજીએ દિલ્લીના પાદશાહ શાહજહાંની મદદ માગી તે મળવાથી શિવાજીએ પોતાના બાપને છોડાવ્યો.

ત્યાર પછી તેણે મરેઠી રાજ તોડી હિંદુરાજ સ્થાપવાનો વિચાર કર્યો, તેની રાજધાની રાયગઢમાં હતી તેની આસપાસનો મુલક જીતી પોતે તાબે કર્યો.

જ્યારે શિવાજી સાથે જબરૂં લશ્કર લડવા આવતું ત્યારે મરેઠા વિખરાઈ જતા, અને મોટા લશ્કરની ટુકડીઓ મરેઠાઓને શોધવા ફરતી, ત્યારે મરેઠા એકઠા થઇને ટુકડીઓની ટુકડીઓ કાપી નાંખતા.

વિજાપુર તાબાના કેટલાક કિલ્લા તથા મુલક શિવાજીએ દબાવ્યો, તેથી વિજાપુરના રાજાએ તેને મારી નાંખવા માટે

જબરૂં લશ્કર અફ્જુલખાંની સરદારી તળે મોકલ્યું. શિવાજીએ જાણ્યું કે આ મોટા લશ્કરની સાથે આપણું લુટારૂ લશ્કર ટકી શકશે નહીં., તેથી કપટી શિવાજીએ અફ્જુલખાં સાથે સલાહ કરવાનું કહેણુ મોકલ્યું અને કહાવી મોકલ્યું કે પ્રતાપગઢના ડુંગરી કિલ્લામાં મારે (શિવાજીએ) તથા અફ્જુલ લખાંએ એક ચાકર સાથે આવવું, વળી કાંઈ પણ હથીઆર પાસે રાખવાં નહીં. અફ્જુલખાંએ તે કબુલ કર્યું; તેથી ઠરાવેલે દિવસે ત્યાં જવાને શિવાજી તૈયાર થયો, તેણે હાથમાં લોઢાના નખ (વાઘનખ)પેહેરી રાખ્યા, તથા ભેટમાં કટારી સંતાડી રાખી અને ઉપર વાંખી બાયનો ડગલો પહેર્યો, તે પ્રતાપ ગઢના ડુંગરી કિલ્લામાં ગયો, ત્યાં અફ્જુલખાં પણ આવ્યો તે વખત સામ સામે ભેટતા શિવાજીએ અફ્જુલ ખાંના પેટમાં વાઘ નખ ખોશી, પેટ ચીરી નાંખ્યું તથા કટારીનો ઘા કરી પુરો કર્યો, તેનો ચાકર નાસી ગયો અને શિવાજીએ છુપુ લશ્કર એકઠું કરી જંગલમાં સંતાડયું હતું, તે વિજાપુરના લશ્કર ઉપર તુટી પડયું, એટલે તે લશ્કર ગભરાઇને નાસી ગયું તેનો લાભ લઈ શિવાજીએ પોતાના મુલકનો વિશેષ વધારો કર્યો.

ઈ. સ. ૧૬૬૨ માં દિલ્હીની બાદશાહી સાથે શિવાજીને કજીઓ થયો, એટલે ઔરંગજેબના મામા સાઇસ્તખાંએ આવી પુના કબજે કર્યું. તે પુનામાં શિવાજીના ઘરમાં ઉતર્યો હતો. શિવાજી રાત્રે છાનો માનો ગામમાં પેઠો અને સાઇસ્તખા જે ઓરડામાં સૂતો હતો, ત્યાં જઈ તેના પર તરવારનો ઘા કર્યો તેથી સાઇસ્તખાં નાઠો અને તેનાં આંગળાં કપાઈ ગયાં, તેને વેહેમ આવ્યો કે પાદશાહી ફો-

જમાં કાંઈ દગો થયો હશે, અને તેથી ભય પામી પાછો દિલ્લી ગયો.

ઈ. સ. ૧૬૬૩ માં શિવાજીએ સુરત લુટયું, ત્યાંથી તેને ઘણી સારી લુટ મળી હતી, આ વખતે ઈંગ્રેજ લોકોની વખાર સુરતમાં હતી, તેથી લુટની વખતે અંગ્રેજોએ સારો બચાવ કર્યો.

શિવાજીનો બાપ ઈ. સ. ૧૬૬૪ માં ગુજરી ગયો, તેથી શિવાજીએ તંજાવર પ્રાંતની જાગીરની ઉપજ લેવા પોતાના ભાઈ વ્યંકાજીને ફરજ પાડી, અને કારભાર વ્યંકાજીને કરવાનો ઠરાવ કર્યો, તથા પોતે સ્વતંત્રપણે રાજ ચલાવવા લાગ્યો અને મહારાજા પદ ધારણ કરી પોતાના નામના શિકકા પડાવા લાગ્યો.

શિવાજી સ્વતંત્રપણે રાજ ચલાવતો હતો, તે વાત ઔરંગજેબને ગમી નહીં તેથી તેણે જબરૂં લશ્કર દક્ષિણમાં મોકલ્યું. શિવાજીએ લડાઈ ન કરતાં તાબે થઈ કેટલાક કિલા બાદશાહને સ્વાધીન કર્યા, તથા વિજાપુરનો મુલક જીતવામાં બાદશાહી લશ્કરને મદદ કરી, તેથી ઔરંજેબે આ બધા ખબર સાંભળી દિલી પધારવાનું નોતરૂં કર્યું. શિવાજી લાલચથી ખુશી થઈ પોતાના દીકરા શંભાજીને સાથે લઈ પાદશાહ પાસે દિલ્લી ગયો. ત્યાંતો ઉલટો ઔરંજેબ ગુસ્સે થયો અને શિવાજીનું ભારે અપમાન કર્યું, તથા બાપ દીકરા બનેને કેદ કર્યા, આથી શિવાજીને ઘણું માઠુ લાગ્યું. પછી ઔરંજેબ ફકીર લોકોને મોટા ટોપલા ભરીને મીઠાઈ મોકલતો હતો તે ટોપલાવાળાને લાંચ આપી તેમાં બેસી પોતે તથા પોતાનો દીકરો પેહેરામાંથી નાસી ગયા, અને

ત્યાંથી ફકીરનો વેશ લઈ દક્ષિણ ગયા.

જ્યારે ઔરંગજેબને નાસી ગયાની ખબર પડી, ત્યારે તે ઘણો ગુસ્સે થયો અને ચારે તરફ તપાસ કરાવ્યો, પણ તેઓ હાથ લાગ્યા નહીં. એમ ઔરંગજેબે મોટો શત્રુ ઉભો કર્યો ઈ. સ. ૧૬૬૬.

હવે શિવાજી ઘણો ગુસ્સે થયો દક્ષિણમાં આવ્યા પછી તેણે લશ્કર એકઠું કર્યું, અને દક્ષિણમાં મોગલ લોકોના જે જે પ્રાંત હતા ત્યાં લુટ કરી, તથા ચોથ ઉઘરાવી, બાદશાહી લશ્કરની ટુકડીઓને વાઢી નાંખી. ગોવળકોંડા તથા વિજાપુરના રાજાઓ પાસેથી પણ ખંડણી લીધી.

વળી ઈ. સ. ૧૬૭૦ માં તેણે બીજીવાર સુરત લૂટ્યું, અને ઈ. સ. ૧૬૭૪ માં રાજ્યાભિષેક કરાવી પોતાની તુળા સોનાથી કરી, તે તમામ સોનું બ્રાહ્મણોને વહેંચી આપ્યું, અને ભારે શિરપાવ આપ્યા.

તેણે કોકણ તથા મહારાષ્ટ્ર જીતી તાબે કર્યા અને નવું મરેઠી રાજ સ્થાપ્યું કે જેના વંશજો હજું પણ કોલ્હાપુરમાં રાજ કરેછે.

શિવાજી ઘણો શૂરો, ચતુર, કપટી અને હિંમતવાન હતો, ઔરંગજેબ જેવો મોટો શત્રુ માથે ન હોત તો તેણે ઘણો મુલક તાબે કર્યો હોત, વળી તેનું આયુષ્ય ટુંકુ એટલે ઈ. સ. ૧૬૮૦ માં તે રાયગઢના કિલ્લામાં મરણ પામ્યો, તેણે આપણે હિંદુ એવું અભિમાન હિંદુઓમાં પેદા કર્યું, તે ગુજરી ગયાથી ઔરંગજેબ ઘણો ખુશી થયો પણ તેણે એવું શૂર ચડાવ્યુ હતુ કે તેના મરણ પછી પણ મરેઠી રાજ ટકી રહ્યું.

સંભાજી—એ ઈ. સ. ૧૬૮૦ માં ગાદીએ બેઠો, કલુશા કરીને

બ્રાહ્મણ તેનો કારભારી હતો. તેને તમામ રાજ કારભાર સોંપીને શંભાજી મોજમજામાં પડયો. કોકણ કાંઠે હબશી તથા ફિરંગી લોકોની લડાઇમાં શંભાજીની હાર થઇ, વળી ઔરંગજેબ જેવો મોટો શત્રુ માથે છે તેનું તેણે જરાએ ભાન રાખ્યું નહીં.

ઈ. સ. ૧૬૮૩ માં રજપૂતોની લડાઈમાંથી પરવારીને જબરૂં લસ્કર લઈ ઔરંગજેબ પંડે મરેઠાઓને નરમ પાડવા તથા દક્ષિણ દેશ તાબે કરવા ચડી આવ્યો.

પોતાના દીકરા આઝીમને ઘોડેસ્વારનું લસ્કર આપી મરેઠાઓને હરાવા મોકલ્યો, પણ મરેઠા લોક ચપળ હતા તથા તેમના ઘોડા કસાએલા હતા તેથી આઝીમનું કાંઈ ચાલ્યું નહીં, વળી ઔરંગજેબે શંભાજીની મહીસૂર તાબાની જાગીર જપ્ત કરી, એટલે શંભાજીએ બુરાનપુર તથા નર્મદાપરના શેહેર બાળી મૂકયાં. તે એક વખત પોતાની વાડીમાં દારૂ પીતો હતો, ત્યાં ઔરંગજેબના સ્વારોએ ઓચિંતા આવી તેને પકડી લીધો, અને બાદશાહની છાવણીમાં લઈ ગયા, ત્યાં ઉંટપર બેસારી તેની ફજેતી કરી તથા તેની જીભ કપાવી નંખાવી, અને આંખોપર ડામ દેવરાવી તેનું તથા કલુશાનું માથું કપાવી નંખાવ્યું ઈ. સ, ૧૬૮૯ શંભાજીની રાણીને તથા તેના કુંવર શાહુને પકડી દિલ્લી મોકલી દીધા.

હવે ઔરંગજેબે દક્ષિણમાં ભારે જોર માર્યું; તેણે વિજાપુર જીતી લીધું, અને તે લડાઈમાં ઉજડ થયું ત્યારથી નવું વસ્યુ નથી ગોવળકોંડા તથા બીજા દક્ષિણના રાજ પણ તાબે કર્યા અને ઘણો મુલક વધાર્યો.

રાજારામ—ઈ. સ. ૧૬૮૯ માં શાહુ પકડાયાં પછી મ

રેઠાઓએ રાજારામને ગાદીએ બેસાડયો, તેની સાથે લડવાને ઔરંગજેબે પોતાના દીકરા કામબક્ષને મોકલ્યો, પણ મરેઠાઓએ કામબક્ષને હરાવ્યો, તેથી ઔરંગજેબ પડે આવી બીમા નદી ઉપર મુકામ નાંખ્યો અને કિલ્લાની મજબુતી કરી તેના સરદાર જુલફીકારે જીંજીના કિલ્લામાં રાજા રામને ઘેર્યો, રાજારામ ત્યાંથી નાસી ગયો. અને જીંજીનો કિલ્લો મુસલમાનોએ તાબે કર્યો.

હવે ઔરંગજેબ ઘણો ઘરડો થયો હતો, તેને મોઆજીમ, આજીમ, કામબક્ષ, ને અકબર એવા ચાર છોકરા હતા, તેમાંથી પેહેલા ત્રણ જીવતા હતા પણ કોઈપર તેનો ભરૂસો નહોતો તેના મનમાં એમ હતું કે મેં જેમ પીતાને દુઃખ દીધું છે, તેમ મારા છોકરાઓ પણ મને પીડા કરશે એવા શોકમાં તે માંદો પડયો અને અહમદનગરમાં તે હાય પોકારતો મરણ પામ્યો ઈ. સ. ૧૭૦૭

ઔરંગજેબ લડાઈમાં ઘણો બહાદુર હતો, તેના જેટલું રાજ હિંદમાં કોઈ બાદશાહે વધાર્યું નથી, પરંતુ હિંદુપરના જુલમ તથા બીજા કાળાં કર્મથી તે ધિક્કારને પાત્ર થયો. મુસલમાનો તેને વખાણેછે પણ તે એકંદર રીતે સારો નહોતો, એના વખતમાં પંજાબમાં શીખ સરદાર નાનકથી દશમો પુરૂષ ગુરૂગોવિંદ થયો તેણે નાનક પંથ ચલાવ્યો.

એના પછીના મુગલ બાદશાહો નબળા થયા તેથી દિલ્લીની પાદશાહીનો નાશ થતો ગયો.

બાહાદુરશાહ ઈ. સ. ૧૭૦૭–૧૭૧૨–૫ મોઆજીમ એ ઔરંગજેબનો દીકરો થાય વજીર જુલફીકારખાંની મદદથી પોતાનું નામ બહાદુરશાહ ધારણ કરી ગાદીપર બેઠો.

ઔરંગઝેબના વખતથી રજપૂત લોક દિલ્હીની બાદશાહીથી છુટા પડ્યા હતા, પણ અકબરની માફક બીજા બાદશાહોએ મન મેળવ્યાં હોત તો દિલ્હીની બાદશાહીનો જલદી નાશ થયો તેમ થાત નહીં.

બાહાદૂરશાહે સંભાજીના દીકરા શાહુને દિલ્હીના કેદખાનામાંથી મદદ કરવાની કબુલતે છોડી મૂકયો, તે દક્ષિણમાં આવ્યો ત્યારે સતારાના રાજા બીજા શિવાજીએ કબુલ કર્યો નહીં, પણ ઘણા મરેઠાઓ શાહુને આવી મળ્યા તેથી શાહુ સતારાની ગાદીએ બેઠો અને બીજી ગાદી કોલ્હાપુરમાં થઇ આગળ જતાં સતારાની ગાદી ઈંગ્રેજે લઈ લીધી અને કોલ્હાપુરમાં હજુ તેના વંશજો રાજ કરેછે.

મોઆજીમ તથા આજીમની આગ્રા આગળ લડાઈ થઇ તેમાં આજીમ હાર્યો, અને માર્યો ગયો પછી દક્ષિણમાં તેનો બીજો ભાઈ કામબક્ષ પણ માર્યો ગયો.

ઈ. સ. ૧૭૧૦ માં શીખ લોકો સાથે નવી લડાઈ થઇ, તેથી રજપૂત લોકોના આગેવાન જોધપુરવાળા જસવતસિંહના દીકરા અજીતસિંહ સાથે સલાહ કરી તેમને સ્વતંત્ર થવા દીધા.

શીખ લોકો નાનકપંથી છે અને તેમનો ધર્મ આગળ સોળમા સૈકામાં સ્થપાએલો હતો, ઔરંગઝેબના જુલમથી આ લોકો લડવાને તૈયાર થયા હતા. મોઆજીમે જબરૂં લશ્કર મોકલી તેમને પર્વતમાં નસાડ્યા, અને ઇ. સ. ૧૭૧૨ માં બાદશાહ મરણ પામ્યો.

જહાંદારશાહ.

ઈ. સ. ૧૭૧૨–૧૭૧૩–૧ જુલફીકારખાં વજીરની મ-

દદથી એ ગાદીએ બેઠો, તેણે પોતાના ભાઇ ભત્રિજાઓને મારી નાંખ્યા, તેમાં તેનો ભત્રિજો ફરોખશિયર જીવતો રહ્યો હતો.

ફરોખશિયરે અલ્હાબાદના સુબેદાર સૈયદ અબદુલ્લા તથા બહારના સુબેદાર સૈયદહુસેન સાથે મળી જઈ બાદશાહ સામી આવ્યા આગળ લડાઇ કરી, તેમાં બાદશાહ તથા જુલ્ફીકારખાં માર્યા ગયા ઇ. સ. ૧૭૧૩

ફરોખશિયર.

ઈ. સ. ૧૭૧૩-૧૭૧૯-૬ આ બાદશાહનું સૈયદઅબદુલ્લા તથા સૈયદ હુસેન આગળ કાંઈ ચાલતુ નહોતું.

બે સૈયદ ભાઈઓની વાત.

અબદુલ્લા મુખ્ય વજીર થયો, અને પાદશાહ પાસે રહ્યો તથા હુસેન દક્ષિણમાં સુબેદાર થઇને ગયો.

આ બાદશાહના વખતમાં સાદતખાંએ લખનોરમાં રાજ સ્થાપ્યું, તે ઈ. સ. ૧૮૫૬ સુધી તેના વંશજોએ ભોગવ્યું. જોધપુર સાથે લડાઇ ચાલતી હતી તેની કન્યા પાદશાહે પરણવી એવી સરતે માંડી વાળી. લગન થતાં પેહેલાં બાદશાહ માંદો પડયો, તેવામાં કલકત્તેથી વેપાર સંબધી બંદોબસ્ત કરવા અંગ્રેજ લોકો આવ્યા હતા, તેમાં હેમીલ્ટન દાક્તરે દવા કરવાથી બાદશાહ સાજો થયો, તેથી હેમીલ્ટનની મરજીથી બંગાળામાં ૩૭ તાલુકાની જમીનદારી તથા દાણની માફી આપી, એથી ઈંગ્રેજનું જોર વધ્યું.

પંજાબમાં શીખ લોકોનો સરદાર બંદુ બાદશાહી પ્રાંત વેરાન કરતો હતો, માટે અબદુલ્લાએ જઇને શીખ લોકોને હરાવ્યા ને બંદુને પકડી તેની ફજેતી કરી, તેનાં દેખતાં

તેના દીકરાનો વધ કર્યો, તથા લાલ ધગધગતી સાંણસીએ તેનું માંસ તોડાવી નંખાવ્યું, અને શીખ લોકોની કતલ ચલાવી ઈ. સ. ૧૭૧૬

દક્ષિણમાં સૈયદહુસેને મરેઠી રાજા શાહુ સાથે દોસ્તી કરી ને દક્ષિણનું ચોથ વગેરે મરેઠાએ લેવાનું કબુલ કર્યું; તેની કબુલાત પાદશાહ પાસે કરાવવા સારૂ પેશ્વા બાળાજી વિશ્વનાથને ૧૦ હજાર મરેઠા સ્વાર સાથે દિલ્લી તેડી ગયો, પણ તે વાત ફરોખશિયરે કબુલ કરી નહીં, અને સૈયદોથી છૂટવાનો પ્રયત્ન કરતો હતો, તે ખબર પડવાથી હુસેને તેને મારી નાંખ્યો. ઈ. સ. ૧૭૧૯

મહંમદશાહ.

ઈ. સ. ૧૭૧૯–૧૭૪૮–૨૯ એ સૈયદ ભાઇઓએ પાદશાહી કુળમાંથી મહંમદશાહને શોધી કાઢી ગાદીએ બેસાડયો, એની મા, ઘણી બહાદૂર હતી, તેણે રાજ કારભાર સારો ચલાવ્યો.

એના વખતમાં નિજામુલમુલ્કે દક્ષિણમાં બલવો કરી હૈદ્રાબાદનું રાજ સ્થાપ્યું, તે હાલ સુધી છે, તેને હરાવવા સારૂ સૈયદ હુસેન પાદશાહને લઇને દક્ષિણમાં ચાલ્યો. માર્ગમાં જતાં એક અરજદારે હુસેનને મારી નાંખ્યો અને બાદશાહે નિજામુલ મુલ્કનીદોસ્તી કરીને સૈયદોથી છુટો થયો. એવામાં હિંદુસ્તાનને માથે એક મોટી આફત આવી.

નાદીરશાહની સ્વારી.—ઈ. સ. ૧૭૩૯માં નાદિરશાહે હિંદપર સ્વારી કરી. દિલ્લી સો ગાઉ રહી ત્યારે મહંમદ પાદશાહ સામે લડવા આવ્યો, અને તે હાર્યો એટલે નાદિરશાહને દિલ્લી પધારવાની અરજ કરી. અફઘાન મેમાનો મોટી ધામધુમથી દિલ્લીમાં પેઠા, પણ બીજે દિવસે વાત

ઉડી કે નાદિરશાહ તો મરી ગયો, તેથી દિલ્હીના લોકો નાદિરશાહના લશ્કરપર તુટી પડ્યા નાદિરશાહને આથી ઘણો ગુસ્સો આવ્યો અને દિલ્હીમાં કતલ કરવાની પોતાના સિપાઇઓને આજ્ઞા આપી, તેમાં સિપાઇઓએ હડખાયલા કુતરાની પેઠે ક્રૂરીતે દિલ્હીના લોકોને કાપી નાંખ્યા, ઘર બાળ્યાં અને લુટ ચલાવી, મહંમદ બાદશાહ નાઠો અને નાદિરશાહે દિલ્હી પાયમાલ કરી દીધું, તથા શાહજહાં બાદશાહે બનાવેલું મયુરાસન તખ્ત અને કોહીનુર હીરો અને અનગળ દોલત લઈ ગામ બાળતો, અને લુટતો, સ્વદેશ ગયો. એટલે મહંમદ બાદશાહે આવીરાજ સંભાળ્યું. એના વખતમાં બંગાળા, રોહિલખંડ, અયોધ્યા વગેરે સ્વતંત્ર થયા હતા.

ઇ. સ. ૧૭૪૮માં કંદહારના બાદશાહ અહમદશાહ અબદલીએ ભરતખંડપર સ્વારી કરી, તેને શાહજાદા અહમદશાહે જઇને હરાવ્યો, તેથી અબદલી પાછો ગયો. દિલ્હીની પાદશાહીની આ છેલી જીત હતી ત્યારપછી ઈ. સ. ૧૭૪૮ માં પાદશાહ મરણ પામ્યો.

અહમદશાહ.

ઈ. સ. ૧૭૪૮–૧૭૫૪–૬ એના વખતમાં અહમદશાહ દુરાની બીજીવાર ચડી આવ્યો. પાદશાહે સામા નહીં થતાં તેને પંજાબ પ્રાંત આપ્યો એટલે તે પાછો ગયો.

ઘાજીઉદીન કરીને સરદાર હતો તેણે હોલ્કરને મદદે બોલાવ્યો, હોલ્કરે પાદશાહને ગાદીએથી ઉઠાડી મૂક્યો અને આલમગીરને ગાદીએ બેસાડ્યો ઈ. સ. ૧૭૫૪.

આલમગીર

ઈ. સ. ૧૭૫૪–૧૭૫૯–૫ એનો વજીર ઘાજીઉદીન થયો,

તેણે અહમદશાહ અબદલ્લી (દુરાની) નો સુબો પંજાબમાં હતો તેને કેદ કર્યો, તેથી અબદલ્લી ત્રીજી વાર ચડી આવ્યો ને તેણે દિલ્લી લીધું અને નાદિરશાહના જેવી કાપાકાપી તથા લૂટ ચલાવી. મથુરામાં ઓચ્છવનેદહાડે તમામ જાત્રાળુ તથા પુજારીઓને મારી નાંખ્યા, અને ગાયોનો વધ કરાવી દેરામાં તથા મૂર્તિઓને લોહી છાંટયું, અને કમકમાટ ભરેલાં ખુનો કર્યાં. ધાજીઉદ્દીને માફ માગી તથા તેને માફી આપી અબદલી સ્વદેશ ગયો.

ધાજીઉદ્દીન ઘણો દગલબાજ હતો, તેની શીખવણીથી મરેઠાએ પંજાબપર સ્વારી કરી એટલે અહમદશાહ અબદલ્લી ચોથીવાર ચડી આવ્યો, એવામાં ધાજીઉદ્દીને પાદશાહને મારી નાંખ્યો અબદલ્લીએ આવી દિલ્લી લીધી, પરંતુ તેની ફોજમાં મરકી ચાલવાથી તે ત્યાંથી નીકળ્યો. પાછળથી સદાશીવરાવની સરદારી નીચે પેશ્વાનું લશ્કર દિલ્લીમાં પેહું તરત દિલ્લી હાથ કરી, અહમદશાહ અબદલ્લીની પાછળ મરેઠી લશ્કર ચાલ્યું.

પાણીપતની પાંચમી લડાઈ. ઈ. સ. ૧૭૬૧માં પાણીપતના મેદાનમાં બંને લશ્કર સામસામા થયાં, મરેઠી સરદાર સદાશીવ ભાઉ તથા પેશ્વાનો કુંવર વિશ્વાસરાવ, ઈબ્રાહીમગાર્દી અને મહાદજી સિંધીઆ વગેરે બે લાખ માણસનું લશ્કર હતું, ધાજીઉદ્દીન ફુટીને અબદલ્લી તરફ ગયો હતો, ભારે લડાઇ થઇ તેમાં ભાઉ તથા વિશ્વાસરાવ અને ઘણા સરદારો તથા લશ્કરનો નાશ થયો, અબદલીનાં પણ ઘણાં માણસો મરણ પામ્યાં, અને તે ફરીને હિંદપર આવ્યો નહીં.

એ પછી શાહઆલમ ઈ.સ. ૧૭૫૯માં ગાદીએ બેઠો,

તેમાં દમ નહોતો તેથી ગુલામ કાદરે તેની આંખો ફોડી. અને ઈ.સ. ૧૮૦૬માં મરણ પામ્યો. તેની પછી અકબર-બીજો ઈ. સ. ૧૮૦૬માં, તથા મહમદબાહદૂરશાહ ઈ. સ. ૧૮૩૭ માં ગાદીએ બેઠા, પણ તે નામના પાદશાહ હતા.

છેલ્લો પાદશાહ ઈ. સ. ૧૮૫૭માં બલવામાં સામીલ થવાથી ઈંગ્રેજે તેને દેશ નીકાલ કર્યો. એમ દિલ્લીની નામની પાદશાહીનો પણ નાશ થયો. ઈ. સ. ૧૮૫૮

મોગલાઈ રાજની પડતીનાં કારણ.

૧ પાદશાહી કુટુંબમાં કુસંપ પેઠો.

૨ ધર્માંધપણાને લીધે હિંદુ પર જુલમ ગુજારવા માંડ્યા તેથી હિંદુ રાજા તથા રૈયત જે ખરા દિલથી મદદ કરતા હતા તેઓનાં દિલ જુદાં પડ્યાં.

૩ પરદેશી લોકોના હુમલા એક પછી એક જારી રહ્યા તેથી દોલત, અને લશ્કરનો નાશ થતો ગયો.

૪ પાદશાહને બુદ્ધિમાન કારભારીઓ મળ્યા નહીં, તેથી જેના આગેવાન આંધળા તેના કટક કૂવામાં પડે તે કહેવત મુજબ દિલ્લીની પાદશાહીનો નાશ થયો.

જે વખતે દિલ્લીની પાદશાહી પડી ભાગવા માંડી તે વખતે ઈંગ્રેજ લોકો જોરપર આવતા ગયા હતા, છેવટે તેમણે આખા હિંદુસ્તાનનું રાજ હાથ કર્યું, તેમના કાયદા અને રીતભાતથી હિંદુ રૈયત આજે ઘણું સુખ ભોગવે છે.

સમાપ્ત.

લડાઇઓ.

૧	પાણીપત (૧)	ઇ. સ. પૂ. ૫૦૦૦	પાંડવે કૌરવને હરાવ્યા.
૨	જેલમ	૩૨૭	સિકંદરે પૌરસને હરાવ્યો.
૩	સોમનાથની	૧૦૨૪	મહંમદગિજનવીએ ભીમદેવને હરાવ્યો.
૪	પાણીપત (૨)	૧૧૯૩	શાહબુદ્દીને પૃથુરાજને હરાવ્યો.
૫	પાણીપત (૩)	૧૫૨૬	બાબરે ઇબ્રાહીમને હરાવ્યો.
૬	સીકરી	૧૫૨૭	બાબરે સંગને હરાવ્યો.
૭	બકસાર	૧૫૩૯	શેરખાંએ હુમાયુંને હરાવ્યો.
૮	કનોજ	૧૫૪૦	,, ,,
૯	પાણીપત(૪)	૧૫૫૬	બેહેરામે હેમુને હરાવ્યો.
૧૦	ઉજ્જન	૧૬૫૭	ઔરંગજેબે જસવતસિંહને હરાવ્યો.
૧૧	આગ્રા	૧૬૫૭	ઔરંગજેબે દારાને હરાવ્યો.
૧૨	કુર્નાળ	૧૭૩૮	નાદિરશાહે મુગલોને હરાવ્યા.
૧૩	પાણીપત (૫)	૧૭૬૧	અબદાલીએ મરેઠાને હરાવ્યા.

પ્રશ્ન.

૧ હિંદુસ્તાનની સીમા તથા લંબાઇ પહોળાઈ કેટલી છે?

૨ અયોધ્યા, હસ્તીનાપુર, દ્વારકાં વલ્લભીપુર, એ રાજની હકીકત ટુંકામા બોલો?

૩ મગધ પ્રાંતની રાજધાની કઈ હતી ત્યાંના રાજા ચંદ્ર-ગુપ્ત તથા અશોકની વાત બોલો?

૪ માળવામાં પ્રખ્યાત રાજા કયા કયા થયા અને તેમની રાજધાની કયાં હતી?

૫ શાલીવાહન કયાંનો રાજા અને તેના વિષે શું જાણો છો?

૬ સંવત અને શક કોના અને કયાં ચાલે છે. હાલ તે·

ને કેટલાં વરસ થયાં?

૭ પરદેશી રાજા હિંદમાં શા માટે ચડી આવતા?

૮ સિકંદર, મહમૂદ કાશીમ એ કયા દેશથી આવ્યા અને તેમણે હિંદુસ્તાનના કયા ભાગ શી રીતે જીત્યા?

૯ સબક્તગિને હિંદુસ્તાનપર સ્વારી કરી હોય તેની વાત બોલો?

૧૦ મહંમદ ગિજનવીએ હિંદપર કેટલી સ્વારીઓ કરી તે દરેક સ્વારીની વાત બોલો?

૧૧ મહંમૂદના ગુણદોષ બોલો?

૧૨ જયપાળ, અનંગપાળ, ભીમદેવ પેહેલો, ફર્દુસી, એ મને ઓળખાવો?

૧૩ ગોરીવંશ શાથી નામ પડ્યું?

૧૪ શાહબુદ્દીને હિંદપર કઇ કઇ સ્વારીઓ કરી તેની હકીકત બોલો?

૧૫ શાહબુદ્દીન ને પૃથુરાજની છેલ્લી લડાઇની વાત બોલો?

૧૬ શાહબુદ્દીને હિંદનાં કયાં કયાં રાજ્ય જીત્યાં.

૧૭ અનંગપાળ કયાંનો રાજા અને તેણે કોને વારસ કર્યો?

૧૮ પૃથુરાજને જયચંદ્ર, ભીમદેવને સોમેશ્વર શામાટે લડ્યા?

૧૯ પૃથુરાજને ભીમદેવની લડાઇનું કારણ?

૨૦ ગુલામ વંશ કેમ નામ પડ્યું?

૨૧ ઘિજની, ગોરી અને ગુલામવંશની વંશાવળી બોલો.

૨૨ હિંદુસ્તાનમાં મુસલમાની રાજ સ્થપાયાનું કારણ અને પ્રથમ મુસલમાની રાજ કોણે અને ક્યારે સ્થાપ્યું?

૨૩ હિંદુસ્તાનની રાજધાની કઇ હતી.

૨૪ માળવા પ્રાંત કઇ શાલમાં કયા મુસલમાન બાદશાહે જીત્યો?

૨૫ દિલ્લીની ગાદીએ કઇ સ્ત્રી બાદશાહ તરીકે થઇ અને તેનો નાશ સાથી થયો?

૨૬ ગુલામવંશના નાસરૂદ્દીનની ભલમનસાઇનો દાખલો બોલો?

૨૭ નાસરૂદ્દીને કેવી ફકીરી રીત રાખી હતી?

૨૮ બલબન પ્રથમ કોણ હતો અને બાદશાહ શાથી થયો તેણે કયા કયા જુલમ કર્યા?

૨૯ બકારાખાં, કેખુશરૂ, હોલાકુખાં, નિઝામુદ્દીન એમને ઓળખાવો?

૩૦ ખીલજીવંશ સાથી નામ પડ્યું?

૩૧ ખીલજીવંશનો પેહેલો બાદશાહ કયો અને તે કયારે ગાદીએ બેઠો તથા તેના રાજનો બંદોબસ્ત કેવો હતો ?

૪૨ અલ્લાઉદ્દીન કોણ અને તેણે દક્ષિણપર કયાં સ્વારી કરી તેનાં પરીણામ સાથે બોલો?

૩૩ અલ્લાઉદ્દીનના વખતમાં ગુજરાતદેશ કયા સરદારોએ જીત્યો?

૩૪ અલ્લાઉદ્દીને કયો કયો મુલક જીત્યો?

૩૫ જાફરખાં, દેવળદેવી, કમળાદેવી, કાફુર એમને ઓળખાવો?

૩૬ મુબારકને રાજ શી રીતે મળ્યું?

૩૭ ગ્યાસુદ્દીન તઘલખ શી રીતે બાદશાહ થયો ?

૩૮ મહંમૂદ તઘલખના ગાંડાઇના કામ બોલો?

૩૯ મહંમદ તઘલખના વખતમાં કયાં કયાં બલવા થયા?

૪૦ ફિરોજીુદ્દીને કયાં કયાં ધર્મનાં કામ કર્યા?

૪૧ તઘલખ વંશના છેલ્લા ત્રણ બાદશાહની વંશાવળી બોલો.

૪૨ સૈયદ અને લોદીવંશની વંશાવળી બોલો?

૪૩ મોગલ વંશના બાબરે કોની પાસેથી હિંદુસ્તાન લઇ લીધું.

૪૪ બ્રાહ્મણી વંશ કોણે સ્થાપ્યો, કઇ સાલમાં તેના વિભાગ

સાથે બોલો?

૪૫ મોગલ વંશ કેટલાં વર્ષ ચાલ્યો?

૪૬ બાબરે કઇ વહેમી ક્રીયા કરી તેથી તે મરણ પામ્યો?

૪૭ હુંમાયુંને શિરશાહે કઇ કઈ લડાઇમાં હરાવ્યો?

૪૮ હુંમાયું કેટલા વર્ષ હિંદ છોડી બહાર રહ્યો?

૪૯ જંઘીસખાં, તૈમુર, નાદિરશાહ એઓ કઇ સાલમાં ક્યા બાદશાહના વખતમાં આવ્યા તેમને દેશ કયો તે વખતના બાદશાહોનાં નામ બોલો?

૫૦ કુતુબમીનારો, તાજમેહેલ, સલીમગઢ, જુમામસ્જીદ, એ મકાન કોણે બંધાવ્યાં?

૫૧ જલાલુદ્દીન, શંભાજી, અલ્લાઉદ્દીન, ગ્યાસુદ્દીન તઘલખ, શિરશાહ, બંદુ, મુરાદ, હરપાળ એમનાં મોત શીરીતે થયાં?

૫૨ કામરાન, મીરજા અસ્કરી, હેમુ, એમને ઓળખાવો?

૫૩ અકબરનો જન્મ કઇ શાલમાં કયે ઠેકાણે થયો?

૫૪ અકબરે ગાદીએ બેઠા પછી શું સાહસ કામ કર્યું?

૫૫ અકબરે ક્યા ક્યા સુબાને વશ કર્યા?

૫૬ ક્યા રજપૂતો સાથે અકબરને લડાઇયો થઈ?

૫૭ અકબરે કયાં નવાં રાજ જીત્યાં?

૫૮ વરાડ પ્રાંત અકબરને શી રીતે મળ્યો?

૫૯ અકબરને કેટલા દીકરા હતા અને તે બધાને શું કટેવ હતી?

૬૦ અકબરે શું સુધારા કર્યા?

૬૧ અકબરના વખતમાં ક્યા ક્યા હુંશિયાર કામદારો હતા?

૬૨ મલિકંબર, ચાંદબીબી, બેહેરામખાં, એમને ઓળખાવો?

૬૩ ઈ. સ. ૧૬૦૫ માં કયો બાદશાહ ગાદીએ બેઠો તથા?

ઇ. સ. ૧૬૨૭ માં કયો બાદશાહ મરણ પામ્યો અને કયો મરેઠો જન્મ્યો?

૬૪ નૂરજહાં વિષે શું જાણોછો?

૬૫ સરટામસરો, મોહબતખાં, શહરીયાર, અસોફ્જહાં એ મને ઓળખાવો?

૬૬ જહાંગીરના દરબારનો વૈભવ કેવો હતો?

૬૭ ઔરંગજેબના વખતમાં દક્ષિણમાં નવું રાજ્ય કોણે સ્થાપ્યું?

૬૮ ઔરંગજેબે કયો કયો નવો મુલક જીત્યો?

૬૯ ઔરંગજેબના જુલમ બોલો?

૭૦ શિવાજીની ઉત્પત્તિ બોલો?

૭૧ ઔરંગજેબ તથા શિવાજીને અણબનાવ થવાનું કારણ?

૭૨ શિવાજીએ કઇ કઇ સાલમાં સુરત લૂટયું?

૭૩ સુરતમાં કયા લોકોની વખારો હતી અને લૂટ વખતે તેમણે શું કર્યું?

૭૪ શિવાજી મહારાજ કયારે કહેવાયો અને તેની રાજધાની કયાં હતી તથા મહારાજ પદ ધારણ કરી કેવી રીતે દાન કર્યું?

૭૫ શિવાજીએ કેટલો મુલક તાબે કર્યો?

૭૬ શંભાજીની વાત બોલો?

૭૭ કોલ્હાપુર તથા સતારાની બે ગાદી થવાનું કારણ?

૭૮ બે સૈયદ ભાઇઓની વાત બોલો?

૭૯ ગુરૂગોવિંદ, બંદુ એ કોના વખતમાં થયા અને તેમણે શું શું કર્યું?

૮૦ નિઝામનું રાજ્ય કોણે અને કયારે સ્થાપ્યું?

૮૧ બાળાજી વિશ્વનાથ કયા મરેઠી રાજાના વખતમાં હતો

અને તેને દિલ્લી આવવાનું કારણ શું?

૮૨ પાણીપતની પાંચે લડાઇની વાત તથા સાલ અને પ-રીણામ બોલો?

૮૩ હિંદુસ્તાનની પડતી શાથી થઈ?

૮૪ રજપૂતો સાથે અકબરને સ્નેહ કેમ રહ્યો?

૮૫ કયા બાદશાહોએ આગ્રામાં રાજગાદી કરી?

૮૬ મોગલવંશના કયા બાદશાહ પાસેથી ઈંગ્રેજે રાજ લઇ લીધું?

૮૭ અકબર તથા ઔરંગજેબને સરખાવો?

૮૮ હિંદની હાલની રાજધાની કઇ છે?

૮૯ હિંદની ગાદીએ કયા કયા બાદશાહ જુલમી થયા?

૯૦ ઈ. સ. ૧૦૨૪--૧૨૦૬–૧૫૪૨–૧૭૦૭ એ સાલમાં શું બનાવ બન્યા?



સૂચના.

હિંદનો મુસલમાની ઇતિહાસ છપાવવાનો હેતુ એવો છે કે આ ઇતિહાસ પાંચમી અને છઠ્ઠી ચોપડીના પાઠો-માંથી છોકરાઓને શીખવવો પડે છે, અને તેમ કરતાં ચોથા ધોરણના છોકરા જે પાંચમી ચોપડી ભણતા હોય છે, તેમને છઠ્ઠી ચોપડી ખરીદવી પડેછે. તેથી તેની કીંમ-તનો બોજો ભારે પડેછે; એટલુંજ નહીં પરન્તુ છઠ્ઠી ચોપડી શીખે છે તે વખતે ખરીદેલી જૂની છઠ્ઠી ચોપડી ફાટી જ-વાથી પાછી બીજી નવી ખરીદવી પડે છે; વળી પાઠમાંથી ઇતિહાસ શીખવવાનું કામ ઘણું અવઘડ ભરેલું લાગે છે, અને નાનાં બાળકોને નોટ લખી તૈયાર કરતાં ઘણો વ-ખત કાઢવો પડે છે. તે મેહેનત, વખત તથા ખર્ચનો બોજો અને કેટલીક અડચણો દૂર કરવાના હેતુથી આ ટુંક ઇતિહાસ ઘણા ઇતિહાસોનું સંશોધન કરી છપાવેલ છે, તેથી વિદ્યાર્થીનો હેતુ પાર પડશે એવી આશા છે.

કર્તા.